# અધ્યાત્મ



વર્ષ : ૧૩ ઓગસ્ટ–૧૯૯૨ અંક : ૧૧

### પ. પૂ. યોગેશ્વરજીના જન્મદિનની ઉજવણીના

## * કાર્યક્રમનું કેનેડામાં ભવ્ય આયોજન *

શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર, ટોરોન્ટોએ તેની સ્થાપનાના દશાબ્દી વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે એક ભવ્ય ઉજવણી કાર્યક્રમનું આયોજન કેનેડામાં તા. ૧૫–૮–૯૨ ના રોજ પ. પૂ. યોગેશ્વરજીના આગામી જન્મદિને કર્યું છે. આ કાર્યક્રમમાં પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના આધ્યાત્મિક વારસ એવાં પરમ તપસ્વીની **મા શ્રી સર્વેશ્વરી** ખાસ ઉપસ્થિત રહેવાનાં છે : ઉજવણીનું સ્થળ છે ડાઉન્સવ્યુ સેકન્ડરી સ્કૂલ, ૭ કાવક્સડેલ રોડ (Kawksdale Road) ડાઉન્સવ્યુ, ઓન્ટારીઓ, કેનેડા અને સમય છે બપોરે ૨ થી સાંજના ૭ સુધીનો. કાર્યક્રમમાં અધ્યાત્મ જીવનને અનુરૂપ પ્રાર્થના, ભજન, વાજીંત્ર વાદન, નાટક, ગરબા વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે ઓન્ટારીઓ સ્ટેટના મીનીસ્ટર ઓફ સીટીજનશીપ માનનીય ઈલેઈન ઝીમ્બા (Elaine Ziemba) મુખ્ય અતિથિ તરીકે ઉપરાંત અધ્યક્ષ સ્થાનેથી પ. પૂ. મા પણ ઉપસ્થિત સાધકોને સંબોધશે.

આ પ્રોજક્ટના સફળ આયોજન અને સંચાલન માટે આઠ જેટલી વિવિધ પેટા સમિતિઓની રચના પણ કરવામાં આવી છે. કાર્યક્રમની જાહેરાત ત્યાંના વર્તમાન પત્રો, રેડિયો અને ટીવી પર કરવામાં આવી રહી છે.

આ કાર્યક્રમની નોંધનીય બાબત તો એ છે કે આ માટે મિનિસ્ટ્રી ઓફ સીટીજનશીપ તરફથી આર્થિક સહાય પણ આપવામાં આવી છે. કાર્યક્રમની સમાપ્તિ મહાપ્રસાદ (ભોજન)થી થશે. વિદેશની ધરતી ઉપર આવું સરસ કામ કરવા બદલ ત્યાંના સર્વે ભાઈબહેનોને અભિનંદન ઘટે છે.

**તંત્રી, અધ્યાત્મ**



**પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી**

જન્મ : ૧૫–૮–૧૯૨૧

નિર્વાણ : ૧૮–૩–૧૯૮૪

## આવો અવસર ફેર ન આવે

આવો અવસર ફેર ન આવે.
માનવજીવન મોંઘું પામી ફોગટ કેમ ગુમાવે? આવો.

ઊઠ તજીને આળસ, પ્રભુની પ્રીત કરી લે ભાવે,
સાગર સુખનો બની જશે તું, ગુણ જો પ્રભુના ગાવે. આવો.

માન્યું મંદિર મુક્તિ તણું આ, જે તેથી પ્રભુ ધ્યાવે,
તેના બંધન તૂટે સઘળાં, શાંતિ સનાતન પાવે. આવો.

પ્રેમ તણા મધુરસમાં પાગલ ન્હાયે ને ન્હવરાવે,
ભજી રહ્યો હું, તમેય પ્રભુજી, ભજી લો મને ભાવે. આવો.

યોગેશ્વરજી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઇ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર-૧


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૪ |
| પાથેય | ગોરધનભાઈ ડી. કલોલા (કલ્યાણ) | ૧૩ |
| કબીર સુધા | પરમાર્થી | ૨૩ |
| ગુરુમહિમા | કમલ સુથાર | ૩૦ |
| મનની પેલે પાર રહસ્યો અપાર | યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ | ૩૩ |
| પરભુજી! મને | ડો. રણજિત પટેલ (અનામી) | ૩૯ |
| ચાલને મનવા | કિસ્મત કુરેશી | ૪૦ |
| પ્રભુજીને પ્રાર્થના | મધરમ્ | ૪૧ |
| એક અનોખા સંત | નારાયણ હ. જાની | ૪૨ |
| ગુરુપૂર્ણિમાની ઉજવણી | — | ૫૧ |
| યોગિની | ઝિઝુવાડિયા કનૈયાલાલ | ૫૪ |
| પરમ રહસ્ય | બળવંત ઓઝા (સફર) | ૫૯ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૦ |


## * અભિનંદન *

શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર ટોરન્ટો, (કેનેડા)એ દશાબ્દી વર્ષ નિમિત્તે અધ્યાત્મ માસિકના ઓગસ્ટ, ૯૨ ના અંકના પ્રકાશનનો બધો ખર્ચ આપ્યો છે. તેઓના આ કાર્યમાં તે ધ્યાનકેન્દ્રનાં જે કોઈ ભાઈબહેનોએ આર્થિક સહાય કરી છે, તે સહુ ખરેજ અભિનંદનનાં અધિકારી છે. તેઓના આ સત્કર્મ બદલ અમે અંતરથી શુભકામનાઓ પાઠવીએ છીએ.

– તંત્રી (અધ્યાત્મ)

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૩ ઓગસ્ટ–૧૯૯૨ અંક : ૧૧


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧૩-૧૨-૮૦, કારતક સુદ છઠ, ૨૦૩૭, શનિવાર**

**સ્થળ : 'પ્રયાગ', નારણપૂરા ચાર રસ્તા, અમદાવાદ–૧૩**

આજે સવારના મુલાકાતના સમયમાં ખાસ નોંધપાત્ર વાતો ન થઈ. આજે ઘણા દિવસે પૂ. શ્રીએ ભોજનમાં રાબ બનાવડાવી અને તે લીધી. આરામ બાદ પૂ. શ્રીની મુલાકાતનો સમય થતાં લગભગ ૫.૨૦ મિનિટે દ્વાર ખોલી દેવામાં આવે છે.

વિવિધ વ્યક્તિઓ વિવિધ પ્રશ્નો લઈને પૂ. શ્રીની પાસે આવે છે. દરેકને સમાધાન થાય તેવા પ્રત્યુત્તર તરત જ આપવામાં આવે છે. દરરોજનો આ મુલાકાતનો કાર્યક્રમ ખૂબ જ આનંદપ્રદ અને રસપ્રદ બની જાય છે. આજે પણ એ રીતે પ્રશ્નોત્તરી શરૂ થઈ.

એક ભાઈ સૂફીવાદ ઉપર મોટા લેખોના સંગ્રહનું મોટું પુસ્તક લઈને આવે છે. પૂ. શ્રી તે જુએ છે. અને કહે છે.



**પૂ. શ્રી** સંસારના સાહિત્યમાં સૂફીવાદમાં ઉમ્મર ખૈયામ જાણીતા છે. મહેનત સારી કરી છે. (કૃષ્ણરૂકિમણી, રામાયણ દર્શન, ગાંધીગૌરવ, વૈરાગ્યશતક, ઉપનિષદનું અમૃત, અપદ્યાગદ્ય અનંતસૂર, ફૂલવાડી, પરિમલ વગેરે પોતાના સાહિત્યની વાત કરી) સૂફીવાદ એ ભક્તિમાર્ગનો જ એક ફાંટો છે. સૂફીવાદની સાધનામાં પવિત્રભાવ ટકાવવો જરૂરી છે. સસ્તા સાહિત્ય મંડળ, દિલ્હીનો હિન્દી ગ્રંથ મહાત્મા ભગવાનનો સારો છે. (એ વાતો કરતાં સ્વામી રામદાસની વાતો કરે છે)

**પ્રશ્ન :** રજનીશજી વિશે શું લાગે છે?

**પૂ. શ્રી :** કોઇ મને મકાન વિશે પૂછે તો શું કહું? તેના કરતાં એની વિશેષતા વિશે પૂછો તો કહેવાય.

**પ્રશ્ન :** તેમનું કેટલુંક સારું છે ને કેટલુંક ખરાબ છે તો સાચું શું?

**પૂ. શ્રી :** ખરેખર માનવ આગળ વધે ને રાગદ્વેષથી મુક્ત બને તો ગુણદર્શન આવે જેથી વિશિષ્ટ શક્તિથી તે તેના સ્થાન પરથી મુલવી શકે. તટસ્થતાની દૃષ્ટિ—સર્વગુણદર્શનથી ભરેલી દૃષ્ટિ માનવામાં આવે તો કોઇ સાથે ઝઘડો નહીં. બધાંના જ વિચારો સાથે આપણે સંમત ન પણ થઇ શકીએ, છતાં ગાંધીજી સાથે ઘણાંના વિચારો મળતા ન હતા છતાં એમનું એક પુસ્તક વાંચવા જેવું છે—'મેરે સમકાલીન' વિકાસની ભૂમિકામાં આગળ ચાલે તો લડવા ઝઘડવાનો પ્રશ્ન નથી. આ ખરાબ ને આ સારું એ મલિન મનની નિશાની છે. મારી મહત્તા (પોતાની મહત્તા) બતાવવા બીજા ઉપર પોતે દોષારોપણ કરે જ એટલે નામ દઇને પૂછો એ યોગ્ય નથી. મારી મહત્તા બતાવવા કોઇને ઉતારી પાડવાની જરૂર

નથી ગીઝની ટાઈપ નહીં. ખંડનમાં નહીં, મંડનાત્મક દૃષ્ટિકોણ જરૂરી છે.

**પ્રશ્ન :** તેમની ધ્યાનની રીત યોગ્ય છે?

**પૂ. શ્રી :** ધ્યાનની નવી રીત હોઇ પણ શકે, પણ તે પદ્ધતિથી માનવવિકાસ થાય છે, અંતિમ લક્ષ્યને પહોંચાડવાની ક્ષમતાવાળી છે એ જોવું જોઇએ. નવા નવા ડ્રેસ ઘણા નીકળે પણ નવું છે માટે ખરાબ છે ને જૂનું છે માટે સારું છે એમ માનવાની જરૂર નથી. તટસ્થ રીતે લાગે કે એ પદ્ધતિ પશુવૃત્તિ તરફ લઇ જનાર છે. શરૂઆતમાં સંયમ, વચ્ચે પણ સંયમ ને છેલ્લે પણ સંયમ પછી કોઇ વચ્ચે ગબડે તે જુદી વાત. પણ ગબડે એવું જ આયોજન જરૂરી નથી.

ઇચ્છા દબાવીએ તે સારું નથી–એવું માને છે. તમને ખૂન કરવાની, ચોરી કરવાની ઇચ્છા થઇ તે સારી છે? તે શિક્ષિત અને સમજદાર માનવ તે વિચારે છે. વિવેકપૂર્વક પૃથ્થકરણ કરવું જરૂરી છે. વિવેકથી અપનાવવા જેવું લાગે તો સ્વીકારો. એકદમ છૂટો દોર આપો તો? મને હમણાં ઝાડા થાય છે તો કોઇ પેંડાઓ આપે ને સ્વીકારૂં, તો સરવાળે મને જ નુકસાન છે. તો એ હમણાં રહેવા દો. કુતરાઓ પણ ઘણીવાર સુંઘીને મૂકી દે છે. તો આપણે તો કુતરાથી પણ ગયા! જે આવે તે ગ્રહણ કરું! મારી ઇચ્છાથી પેંડા ન ખાઉં. સ્વૈચ્છિક ત્યાગ થયો તો તેમાં આનંદ છે. એટલે વૃત્તિઓને અહીં દબાવવાની વાત જ નથી.

શાસ્ત્રો એ કેવળ મનોરંજનનું સાધન નથી. ના, એ છે મનોરંજનનું કે વિનોદનું સાધન, પણ તે બધામાં સાત્ત્વિક આનંદ જરૂરી છે.



**પ્રશ્ન :** સત્ય સાઇબાબ ને સાઇબાબામાં સાચા કોણ?

**પૂ. શ્રી :** બે મુરતીયા ને એક સ્ત્રી જેવી વાત છે. તમે મૂળને જ પકડો. લોકો શું લખે તે ઈશ્વરને ચિંતા કરવા દો, તમે સમજો, તમે વળગી રહો એ પૂરતું છે. બીજા હોય, ન હોય તે બધા સાથે તમારે શું સંબંધ? સાઇબાબાને કહો કે તમારા સ્વરૂપને હું તો માનીશ.

**પ્રશ્ન :** સાઇબાબા મારા થોડા થોડા કામો કરે છે પણ મુખ્ય કામો કરતા નથી તો તમે જરા એમને કહેજોને?

**પૂ. શ્રી :** જુઓ, મારા પણ ઘણાં કાર્યો કર્યાં નથી. એટલે સમજી લો કે સંતો એ રીતે બંધાયેલા નથી. એ પગારદાર નોકર નથી. ભક્તના કાર્ય કરે છે, પણ તે કરવાયોગ્ય હોય તે કરેને? ભક્ત પોતાનું કલ્યાણ શામાં છે તે સમજતો નથી. એટલે જેમાં કલ્યાણ હોય તે કામ કરે છે. તમારા કામ માટે શ્રદ્ધા હિંમત રાખો. સત્કર્મ કર્યા કરો. છેવટે તો ઈશ્વરનું જ ધાર્યું થાય છે.

પ્રશ્નોત્તરીમાં આજે ૬.૩૦ થઇ ગયા. સૌ ભક્તો વિદાય થયા. આજે મણિનગરથી પૂ. શ્રીના બેન પધાર્યાં હતાં. તેમને વિદાય કર્યાં. આજના પ્રવચનમાં નામસ્મરણનું મહત્ત્વ ને ધ્યાન દ્વારા શું કરવાનું તે વાતો પૂ. શ્રીએ ખૂબ સરસ રીતે સમજાવી.

ત્યારબાદ આરામ. હરિઃ ૐ

**તા. ૧૪–૧૨–૮૦, કારતક સુદ સાતમ, ૨૦૩૭, રવિવાર**

આજે સવારે ૧૧.૩૦ ના સત્સંગમાં સૂરતથી બે પરિચિત ભાઇઓ પધાર્યા. તેઓ માતાજીના સ્વર્ગવાસ પછી પ્રથમવાર જ આવે છે, જેથી પૂ. શ્રીએ લગભગ ૧ વાગ્યા સુધી તેમની સાથે માતાજીની અંતિમ અવસ્થા, માંદગી, મનની ભૂમિકાની વિગતવાર વાતો ફોટા બતાવી કરી.

દોઢ વાગ્યે પૂ. શ્રીએ ભોજન લીધું. ફરી બે વાગ્યા સુધી માતાજીના જીવનપ્રસંગોના લેખનમાં એક પ્રસંગ આજે લખ્યો. ભાગ્યે જ બપોરે લેખનકાર્ય થાય તેમાં આજે અપવાદ હતો. સાંજે ૫.૨૦ દ્વાર ખુલી જાય છે. પ્રશ્નોત્તરી શરૂ થાય છે.

**પ્રશ્ન :** મન અને અસ્મિતાનું અસ્તિત્વ—ચેતનાનું નીચું સ્વરૂપ છે?

**પૂ. શ્રી :** સામાન્ય રીતે મનને પ્રકૃતિમાં ગણવામાં આવે છે. ભૂમિ, આપ મન, અહંકાર એ આઠ પ્રકૃતિ છે. જીવ નવમી પ્રકૃતિ છે.

**પ્રશ્ન :** પુરુષ હોય ત્યાં પ્રકૃતિ હોય?

**પૂ. શ્રી :** પુરુષ હોય તેની શક્તિ તે પ્રકૃતિ. સૂર્ય હોય ત્યાં તેજ અને અગ્નિ હોય ત્યાં એની દાહક શક્તિ. ફૂલ હોય ત્યાં સુગંધ. ભગવાને કહ્યું : બ્રહ્માંડ છે તે મારી યોનિ છે. તેમાં હું જીવનનો સંગ્રહ કરું છું. ભિન્ન પ્રકૃતિ પ્રભુની તે જ તેની શક્તિ ગણાય છે. પ્રકૃતિનો સક્રિયકાળ હોય ત્યારે તે કામ કરે. તે સિવાય પુરુષમાં પ્રકૃતિ સમાઇ જાય છે. પ્રકૃતિ તો રહે જ છે. શક્તિ એ પુરુષનું જ એક અભિન્ન અંગ છે. પુરુષની અભિન્ન અંતરંગ શક્તિ તે પ્રકૃતિ છે. કેટલીક વાર તે પ્રકૃતિ અલગ દેખાય. સંસારની વ્યક્ત અવસ્થામાં તે અલગ દેખાય છે. પરંતુ તે પુરુષનું અભિન્ન અંગ છે તે અને પુરુષ એક જ છે. (પ્રકૃતિ ને પુરુષ) બંને એક જ છે. નામ જુદાં. એ વાત આગળ સમજાશે. શંકરાચાર્ય પણ માને છે કે બંને એક છે.

**પ્રશ્ન :** કૃષ્ણ સદેહે દર્શન આપે ખરા? આગળ વધી રહ્યા છે, અનુભૂતિ થાય છે તે કેવી રીતે સમજાય?



**પૂ. શ્રી :** દર્શન આપે, વાતો પણ કરે. પોતાની ઇચ્છા પ્રમાણે પોતે જે ધારે તે ભાષામાં વાત કરે વડોદરા જતાં ટ્રેઇનમાં આગળ વધીએ તો ખબર પડે—સ્ટેશન પરથી. તેમ ભક્તિમાર્ગે પણ ખબર પડે. એ માર્ગે સ્ટેશનો આવે જેમાં સંતો, સત્સંગ, ધ્યાન, પ્રભુ ઉપર પ્રેમ. સંસારનું આકર્ષણ ઓછું થાય—તે બધાં સ્ટેશનો ભક્તિનાં જ. ભગવાનના જ વિચારો આવે, જે પરિસ્થિતિ આવે છે તેને બબડાટ વિના પ્રભુની પ્રસાદી માનું છું. આ અવસ્થામાં સમજાય કે ભક્તિમાર્ગે ગાડી બરાબર છે. તેમાં પૈસા ના પણ આવે. તેને ભક્તિ સાથે સંબંધ નથી. ભક્તિ ઘણી કરી પણ છોકરાને ત્યાં છોકરો નથી.—તો ભક્તિ છોકરા મેળવવા થોડી છે? ભગવાન સાથે કરાર થોડા છે? એ બધી વસ્તુઓને ભક્તિ સાથે સીધો સંબંધ નથી. દૈવી ગુણો, સાત્ત્વિકતા, એકાગ્રતા, સ્થિરતા, ચંચળતાનો અભાવ, ઈશ્વરમાં પાકો વિશ્વાસ—એ બધા સ્ટેશનો છે. એ આવે તો ગાડી બરાબર પકડી છે, એમ માનવું.

**પ્રશ્ન :** વિદ્યાર્થીજીવનનો શિક્ષકનો પ્રસંગ કહી શકશો?

**પૂ. શ્રી :** (પોતાના હેડમાસ્ટરની વાતો કરે છે).

**પ્રશ્ન :** ગુરુને શોધવા પડે કે ભગવાન મોકલે? ગુરુ જરૂરી જ છે?

**પૂ. શ્રી :** ભગવાન મોકલે તો જ મળશે ને, ધારો કે તમે શોધ કરવા નીકળ્યા. જો ગુરુનો મેળાપ થવાનો હોય તો ભગવાન જ એવા સ્થાને તમને મોકલશે. ગુરુ યોગસાધનામાં જરૂરી છે. ભક્તિમાર્ગે જરૂર નથી. મૂંઝવણ હોય તો પૂછી જશે. ગુરુ દ્વારા જ્ઞાનના ગ્રંથો સમજવા જરૂરી છે. એટલે જ્ઞાનમાર્ગે જરૂરી છે.

**પ્રશ્ન :** ભક્તિમાર્ગમાં ગૃહસ્થાશ્રમ સારો કે એકાંતવાસ સારો?

પૂ. શ્રી : તમારો ગૃહસ્થાશ્રમ જો જવાબદારીવાળો હોય તો એકાંતમાં જવું યોગ્ય નથી. અનુકૂળતાએ શરૂઆતમાં નજીકની એકાંત જગ્યામાં લાભ લો, પણ એ બધા આશ્રમસ્થાનોમાં પણ તમારું ખીસ્સું જોઈને તમારી સેવા કરશે. એટલે ઘરમાં રહીને ભક્તિ કરો. સુરક્ષિત રહો.

પ્રશ્નોત્તરી બાદ પ્રવચન સ્થળ પર ભક્તિમાર્ગે નામજપની મહત્તા પર પ્રવચન આપ્યું. આજનું પ્રવચન કોઈપણ જાતના દૃષ્ટાંત વિનાનું ગંભીર હતું.

પ્રવચન બાદ કણકી અને દૂધનો નાસ્તો કરી આરામ. હરિઃ ૐ

**તા. ૧૫–૧૨–૮૦, કારતક સુદ આઠમ, ૨૦૩૭, સોમવાર.**

સવારે સાડા અગિયારથી બારના સત્સંગમાં પુસ્તકોની જ વાતો થઈ. બાર વાગ્યે સુરતના બે ભાઈ મોડા આવ્યા. પૂ. શ્રીએ ભોજન બાદ તેમની સાથે વાતો કરી. જેમાં રાજકારણની નવી આશા ઉપર વાત થઈ. સંજય ગાંધીનું અકસ્માત મૃત્યુ થયું, એ રીતે કુદરત કંઈ ચમત્કાર કરે તો જ દેશનું ભાવિ કંઈક સુખદ છે. એવી પૂ. શ્રીએ વાતો કરી. વળી યાત્રાની વાતો વડોદરાના શ્રી જીતુભાઈના પ્રેમની વાતો થઈ.

આરામના સમયમાં સાંજની પ્રાર્થના પૂ. શ્રી દરરોજ કરી લે છે. એ રીતે પાંચ વાગ્યા સુધી કરી લીધી. ૫.૩૦ દ્વાર ખૂલે છે. ભાવિકો આવે છે અને પ્રણામ કરી બેસે છે. પ્રશ્નોત્તરી શરૂ થાય છેઃ–

**પ્રશ્ન :** વિધિસર ગુરુ કર્યા હોય પણ તે બદલી શકાય?

**પૂ. શ્રી :** જુઓ, ગુરુ કરવામાં ઉતાવળ ન કરવી. આપણને ઠોકી ઠોકીને કહેવામાં આવ્યું છે કે ગુરુ વિના જ્ઞાન નહીં, જેથી



આપણું મન ગુરુ બનાવવામાં દોડાદોડ કરે છે. ગુરુ કરવામાં ઉતાવળ ન કરો.

**પૂ. શ્રી :** કેમ બદલવા છે ગુરુને?

**ઉત્તર :** લાલચુ છે, પૈસા માંગે છે.

**પૂ. શ્રી :** તમને રિવોલ્વર બતાવે છે? ઘરે માંગવા આવે છે? પૈસા માટે ગળું દબાવે છે?–ના. તો પછી આપણે હાથ જોડીને કહી દેવું પ્રભુ, મારી શક્તિ નથી. પણ સામાન્ય રીતે શિષ્યો કોઈ લૌકિક હેતુ માટે જ સંબંધ જોડતા ને તોડતા હોય છે. હેતુ સિદ્ધ ન થાય તો ગુરુને છોડી દે. ઘણીવાર ગુરુના વર્તનને સમજતાં નથી, તેથી ગેરસમજ ઉભી થાય. (એમ કહી મસૂરીના મહાત્મા ભગવાનની વાતો કરે છે). વર્તન સમજાય નહીં તો એ કામ પ્રભુને સોંપો. ગુરુની સાથે ધ્યાન, મંત્ર કે જ્ઞાનની જ વાતો કરો. તેટલો જ સંબંધ જરૂરી છે. પણ તમારે કંઈક મૂકવું હોય તો મૂકવું.

**પૂ. શ્રી :** ગુરુ કર્યા છે?

**ઉત્તર :** હા. પાઠપૂજા કરી કંઠી બાંધી છે. ગીતા વાંચવાની કહી છે.

**પૂ. શ્રી :** તો પછી જુઓ, રામકૃષ્ણદેવ કહેતા–દીક્ષાગુરુ એક ને શિક્ષાગુરુ અનેક થાય. તેમણે મંત્ર આપ્યો નથી એટલે શિક્ષાગુરુ જ છે. હજી તેઓ દીક્ષાગુરુ થયા નથી, તો તમે બદલવાની ચિંતા ન રાખો.

**પ્રશ્ન :** હું મંત્રો જપું છું, ૩ કલાક લખું છું–ગાયત્રી અને શિવમંત્ર. મારે કયો મંત્ર જપવો તે નક્કી કરી શકતો નથી. આપ કૃપા કરી કહો.

**પૂ. શ્રી :** તમે માનો છો કે બધા મંત્રો વિષ્ણુને પહોંચે છે તો તમારા મનમાં શંકા હોવી જ ન જોઈએ. છતાં પૂછો છો તો ૐ નમઃ શિવાય જપજો. ગાયત્રીની એક માળા કરજો, તમારે માટે તે જ બરાબર છે.

**પ્રશ્ન :** પૂર્ણયોગમાં શરીરમાં અવતરણ થાય છે. અરવિંદે એ પૂર્ણયોગ કહ્યો છે. તો એનું શું?

**પૂ. શ્રી :** પણ અરવિંદમાં થયું? ના. તો લખવાનું જુદું છે. યોગદર્શનમાં છે કે યોગી ધારે તો શરીરને અખંડ યૌવનમાં રાખી શકે, ઈચ્છાનુસાર શરીર ટકાવી શકે. શરીર જે અણુઓમાંથી થયું છે, તે અણુઓથી અદૃશ્ય થઈ શકે ને પાછા પ્રગટ પણ થાય. ભારતમાં જે જે યોગ નીકળ્યા છે તે બધાનું જ ચિંતન થઈ ચૂક્યું છે. બધા જ યોગોનો અભ્યાસ તટસ્થતાથી કર્યો છે. બધાને પ્રેમથી જોઉં છું. સત્યને વફાદાર રહું છું. મેં શું વિચાર્યું તે સાંભળો :

ઈશ્વરદર્શન અ અંતિમ લક્ષ્ય નથી. ઉપનિષદમાં કહ્યું છે : બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ। યૌગિક વિકાસનાં બે જાતના લક્ષ્ય બતાવ્યાં છે. જેમાં બ્રહ્મને જાણવો (દર્શન, સાક્ષાત્કાર, અનુભવ) અને બ્રહ્મને જાણ્યા પછી બ્રહ્મ થવાય છે. બ્રહ્મને જાણ્યા ત્યારે જુદા હતા, પછી બ્રહ્મ થવાય એ વાત ઉપનિષદની જ છે. શાસ્ત્રોમાં જ છે.

પ્રશ્નોત્તરી બાદ આજના છેલ્લા પ્રવચન માટે પ્રવચન સ્થળે ગયા. પૂ. શ્રીએ જીવનમાં પવિત્રતા, સાધના વધારવાની વાતો કરી. આભારદર્શન બાદ સૌ વિદાય થયા. હરિઃ ૐ

( ક્રમશઃ )



# પાથેય

ગોરધનભાઈ કલોલા (કલ્યાણ)

શાસ્ત્રો એ બીજું કંઈ નહીં પણ પરમપુરુષોની દિવ્ય અનુભૂતિઓનો નિચોડ છે. પ્રેમપૂર્ણ તપશ્ચર્યાદ્વારા એમણે પરમાત્માની જે કૃપા અનુભવી હોય તે તેમની વાણી અને લેખનદ્વારા વહેતી હોય છે. તેઓ ગણપતિની જેમ લહિયા બનીને પ્રભુના ગુણાનુવાદ ગાયા કરે છે. આ વાણી કે લેખન સાધારણ નથી હોતા, પરંતુ તેની પાછળ ઈશશક્તિનું સામર્થ્ય રહેલું હોય છે. આ અલૌકિક બળને લીધે જ એ દિવ્ય વાણી અને લેખન અમર બન્યાં છે. આપણા વેદો, પુરાણો, ઉપનિષદો અને પરમપુરુષોની વાણી એ જ અલૌકિક બળને લીધે આજે પણ એટલાં જ જીવંત છે. જે લેખનની પાછળ તપશ્ચર્યાનું બળ નથી, અંતરની અનુભૂતિ નથી તે ગીતાની જેમ સનાતન સૌંદર્ય ધારણ કરી શકતું નથી. આજે ઢગલાબંધ સાહિત્ય સર્જાયુ છે, પણ એમાં નાગર નરસૈંયાના કૃષ્ણલીલાના લટકાં ક્યાં? અહીં તો નરસૈંયો પ્રભુ સાથે પ્રત્યક્ષ રાસ રમે છે અને પ્રભુના એ લટકાંઓ પર વારી જાય છે, ત્યારે એ દિવ્ય દર્શન શાસ્ત્ર બનીને નરસૈંયાની વાણીમાં સહજ ગુંજી ઉઠે છે. ભક્ત વલ્લભધોળાની ગરબીઓમાં પણ જગદંબાના દર્શનની પ્રત્યક્ષ અનુભૂતિઓનું લીલાદર્શન છે. આજના બુદ્ધિવાદથી સર્જાયેલા સાહિત્યમાં ઈશશક્તિની અખૂટ શ્રદ્ધામાંથી પ્રકટેલો પ્રાણ નથી, એટલે એ પ્રેરક અને પ્રાણવાન નથી. માણસ લખે છે પણ આજના ચટાકેદાર વ્યંજનો જેવું, ખવાય છે ખૂબ, વંચાય છે વિશાળ પ્રમાણમાં, પણ છેવટે જીવન સત્ત્વને હણી લે છે, તનમનના સ્વાસ્થ્યને સાવ ખોખરું કરી નાંખે છે.

આ સંસાર પ્રભુનું સર્જન છે એ આપણે ભૂલી જઇએ છીએ, સંસાર ઉપર આપણી છાપ પાડવાનું ગાંડપણ આપણને સૂઝે છે, એમાંથી આ ભૌતિકવાદનું ભૂત પ્રકટે છે, જે આપણને જીવનભર ધુણાવ્યા કરે છે. એમાંથી ગોટાળાઓની પરંપરા ઊભી થાય છે. આપણે ગૂંચવાયા કરીએ છીએ, મુંઝાયા કરીએ છીએ, પરંતુ જે સરળ છે, સીધું છે, સહજ છે તેને ઓળખીને અપનાવી શકતા નથી. સંસાર પર ખુલ્લી દૃષ્ટિથી જોઇશું તો સર્વત્ર પ્રભુનું સામ્રાજ્ય જ છવાયેલું લાગશે. જેનું દર્શન સહજ છે.

ઓ ઈશ્વર તું એક છે, સરજ્યો તેં સંસાર;
પૃથ્વી પાણી પર્વતો, તેં કીધા તૈયાર.
તારા સારા શોભીતા, સૂરજ ને વળી સોમ;
તે તો સઘળાં તેં રચ્યા, જબરું તારું જોમ.
અમને અદકાં જ્ઞાનગુણ, તેનો તું દાતાર;
ભૂલે પાપી પ્રાણીઓ, એ તારો ઉપકાર.

પ્રભુનો આ ઉપકાર ભૂલીને આપણે સ્વયં જાણે સર્જકની ભૂમિકામાં આવી જઇએ છીએ. આ રીતે જીવનમાં અહંનો સૂર્યોદય થતાં જીવનાકાશમાં અજ્ઞાનના વાદળાંઓ ઘેરાવા લાગે છે. આ શરીર બુદ્ધિ બધું જ પ્રભુએ આપ્યું હોવા છતાં આપણે તેને આપણું માની લઇએ છીએ. નરસિંહ મહેતા કહે છે તેમ—

"શબ્દ શીખે ખરો સકળ વિદ્યા ભણે,
ઉચ્ચરે જ્ઞાન અધ્યાત્મ ઓઠે;
પ્રપંચ પીંડમાં રહ્યો, અહંકાર નવ ગયો,
આથડયો એમ અનંત કોઠે."

મહાત્માઓ સિવાય આ અહંકારને ઓગાળવો શક્ય નથી.



આવા એક મહાત્મા હમણાં જ આપણા યુગમાં જ થઇ ગયા! એ મહાત્મામાં પરમાત્માનું સર્વ સામર્થ્ય હોવા છતાં પોતાનું કંઇ જ માનતા નહીં, ત્યાં સુધી કે પોતાનું 'યોગેશ્વર' નામ પણ પોતાની પસંદગીનું નહીં, પણ પ્રભુની ઇચ્છા પ્રમાણેનું હતું! તેઓ સંપૂર્ણપણે પ્રભુની ઇચ્છા પ્રમાણે જ જીવ્યા. જીવનની દરેક ક્રિયાઓમાં પ્રભુની ઇચ્છાને જ માન આપતા. ચાલવાનું, ખાવાનું, વિહરવાનું, સૂવાનું, ઉઠવાનું અને લખવાનું સુદ્ધાં પણ પ્રભુની ઇચ્છા પ્રમાણે થતું. અરે—સંડાસ જવાની ઇચ્છા થઇ, તો પ્રભુની ઇચ્છા જાણી, તો પ્રભુએ ના પાડી, આપણને નવાઇ લાગે. પણ એમને તો કંઇ આશ્ચર્ય થયું નહીં કે સંડાસ જવાની પણ પ્રભુ ના પાડે? પ્રભુની સર્વ ઇચ્છામાં મંગલ જોતા તેમણે સંડાસ ન જવામાં પણ મંગલ જ જોયું. પાછળથી જાણ્યું તો એ વખતે સંડાસમાં સાપ બેઠો હતો. કહાનગઢના રામદાસ સ્વામીની જેમ પૂ. યોગેશ્વરજીનું જીવન પણ રામની ઇચ્છાને આધીન રહેતું!

પૂ. યોગેશ્વરજીનો આ સમગ્ર વ્યવહાર જોતાં એક વાત સહજ જ આપણી સામે આવે કે તેઓ પરમાત્માની ઇચ્છાને કેવી રીતે જાણતા? તેઓ સંકલ્પ કરીને લેખનદ્વારા પ્રભુની ઇચ્છા જાણતા. કોઇપણ પ્રશ્નના ઉત્તર માટે પ્રભુની ઇચ્છા જાણવા માટે કલમ ચલાવતા તો એ કલમમાં પ્રભુની ઇચ્છા, પ્રશ્નનો ઉત્તર શબ્દોદ્વારા કાગળ પર ઉતરી આવતો. અહીં કોઇ ચમત્કારની વાત નથી, પણ આકરી તપશ્ચર્યાની સિદ્ધિની વાત છે. પ્રભુપંથે ચાલતાં પ્રાપ્ત થયેલી પ્રસાદીની આ વાત છે. તેઓ જીવનભર તપ્યા, પણ આ સિદ્ધિમાટે નહીં, તેઓએ તો તપસ્યાની ભઠ્ઠીમાં પ્રભુદર્શન સિવાય બીજી બધા જ ઇચ્છાઓને બાળીને ભસ્મ કરી દીધી હતી. તેમની પ્રેમપૂર્ણ અણિશુદ્ધ આકરી અનુપમ તપશ્ચર્યાનો જોટો જડવો મુશ્કેલ છે.

તેમના એકે એક રક્તના બિંદુમાંથી પ્રભુપ્રેમનો પોકાર ઉઠયો છે, તેમની નસેનસમાં રક્ત નહીં, દિવ્યપ્રેમ વહેતો હતો અને અંતે એમણે અણુએ અણુમાં પ્રેમસ્વરૂપ પરમાત્માને પ્રકટાવ્યા હતા. એ શ્રીવિગ્રહ પૂ. યોગેશ્વરજીનો દેખાતો, પરંતુ એ રૂપમાં પરમ સ્વરૂપ પરમાત્મા પ્રકટ દેખાતા! એમના અક્ષરદેહમાં પ્રભુ વિશેષરૂપે પ્રત્યક્ષપણે પ્રકટ સ્વરૂપે જોવામાં આવતા. તેઓ કલમ ચલાવતા ત્યારે તેમના લેખનની આ અલૌકિકતાના અદ્‌ભુત દર્શન થતાં! એકાગ્રતાપૂર્વક એકધારી તેમની કલમ ચાલ્યા કરતી. એ કલમના માધ્યમદ્વારા એમણે ભારતની આધ્યાત્મિક અસ્મિતાને અમર રાખી છે. એમણે લખેલા એંસી જેટલા પુસ્તકોમાં પ્રભુના શ્રીમુખની વાણીનું દોહન થયેલું છે. આપણે એ ગ્રંથોનું શ્રદ્ધાપૂર્વક દિલ દઈને વાંચન મનન કરીએ ત્યારે એ લેખનની સનાતન દિવ્યતા ગીતાની જેમ, અમરગાન ગાતા અનુભવી શકાય છે. તેમણે ભારતના આધ્યાત્મિક વારસાને સરળભાષામાં સરળમાં સરળ હૃદય સુધી પહોંચાડયો છે. મન અને બુદ્ધિની પેલે પારથી ઉતરી આવેલી એ બ્રહ્મવાણી છે.

આ બ્રહ્મવાણી એ કલમમાં કેવી રીતે ઉતરી આવતી તેના સાક્ષી બનવાનું સૌભાગ્ય પણ કેટલાક દક્ષિણભારતની યાત્રાના સહયાત્રીઓને મળ્યું હતું! દક્ષિણભારતની યાત્રા વખતે કન્યાકુમારીમાં એક સાંજે પૂ. શ્રી સાથે સનસેટ પોઈંટની સુંદરતા નિહાળવા કન્યાકુમારીના સમુદ્રતટે ફરવા ગયા. અહીં સ્વામી વિવેકાનંદ કેટલાક દિવસો રહ્યા હતા. તેથી તેમની સ્મૃતિમાં અહીં વિવેકાનંદપૂરમ્ નામનું સ્મૃતિનગર પણ વસ્યું છે. આગલી રાતે તે નગરમાં જ અમારો ઉતારો હતો. ત્યારે એક સવારે ધ્યાનની બેઠક વખતે શ્રીવિવેકાનંદ સૂક્ષ્મ સ્વરૂપે પધારેલા, અને પૂ. શ્રી મારફત



પોતાના ભાવો પોતાની વાણીમાં પૂ. શ્રીમાં પ્રકટીને અદ્‌ભુત રીતે વ્યક્ત કરેલા. પ્રેમાશ્રુઓ વહેવડાવતા પૂ. શ્રીનાં નયનો સામે એ શ્રીમુખમાંથી શ્રીવિવેકાનંદની ભાવાંજલિને શબ્દોદ્વારા વહેતી જોઇ અમે સૌ આશ્ચર્યચકિત થયેલા! ફરીથી જ્યારે સાંજે સમુદ્રકિનારે ફરવા ગયા ત્યારે પણ શ્રીવિવેકાનંદે પોતાના જે ભાવો કલમ દ્વારા વહેતા કર્યા, તે દૃશ્ય એ પરમપુરુષોની અલૌકિક શક્તિની સાક્ષી પૂરે છે પૂ. શ્રીએ આસપાસ બેઠેલા સૌ યાત્રીઓને કહ્યું "જુઓ, હું આ કલમને માત્ર અંગુઠા અને પહેલી આંગળીથી પકડી રાખું છું. હું તમારી સાથે વાતો કરતો રહીશ એ દરમ્યાન કલમ પોતાની રીતે ચાલતી રહેશે, મારું કલમ તરફ બિલ્કુલ ધ્યાન નથી. હું તો તમારી સાથે વાતો કરું છું અને હવે કલમ ચાલે છે. તમારી સૌ સમક્ષ આ કાગળ પર નાનકડો સંદેશ આ કલમ દ્વારા ઉતરી આવ્યો છે."

અમે નજરોનજર જોયું કે પૂ. શ્રી અમારી સાથે વાતો કરતા હતા અને કલમ દ્વારા કાગળ પર અલૌકિક શક્તિ દ્વારા લખાતું હતું. આ નાનકડો સંદેશો અંગ્રેજીમાં આ પ્રમાણે હતો. "I am very very glad to see you on this auspious seashore" આ સંદેશા નીચે અંગ્રેજીમાં વિવેકાનંદની સહી હતી! શ્રીવિવેકાનંદે પોતાનો ભાવ વ્યક્ત કરતાં લખ્યું હતું કે "હું તમને આ પવિત્ર દરીયાકિનારે જોઇને ખૂબ ખૂબ આનંદ અનુભવું છું."

બીજી વખત જ્યારે મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગના દર્શને શ્રીશૈલમ જતા હતા, ત્યારે રસ્તામાં ડોરનાલ પાસે મોટર બગડી ત્યારે પણ પૂ. શ્રીની આ અલૌકિક દિવ્ય કલમ શક્તિનું દર્શન થયેલું. ત્યારે પણ પરમાત્માની પરમશક્તિ પૂ. શ્રીની કલમમાં કેવી અદ્‌ભુત રીતે કાર્યાન્વિત થાય છે તેનું દર્શન થયેલું. આ ઉપરાંત

પણ પૂ. શ્રી પોતાનો જીવનક્રમ પરમશક્તિની ઇચ્છા પ્રમાણે જ ચલાવતા અને એ ઇચ્છા જાણવામાટે માત્ર તેઓ કલમ પકડતા અને એ દિવ્યશક્તિ લખતી!

આમાં કોઇ અતિશયોક્તિ નથી, તદ્દન સત્ય હકીકત છે, નજર સામે જ બનેલી બીના છે જેને કોઇ પુરાવાની જરૂર નથી! આ પ્રસંગ ઉપરથી આપણે જે પાથેય બાંધવાનું છે તે છે પૂ. શ્રીની અહં શૂન્યતા! તેઓએ ક્યારેય એમ નથી કહ્યું કે મેં આ કહ્યું છે. તેઓ તો પરમશક્તિ જગન્માતાના બાળક બની ગયા હતા અને એક સંસારી માતા બાળકને સાચવે તેમ તેઓ એ પરમ માતા તેમની પાસે જે કંઇ કરાવતાં, જેમ સાચવતાં તે પ્રમાણે રહેતા. પરમશક્તિની આજ્ઞા જ તેમને માટે સર્વ કાંઇ હતી. સર્વ રિદ્ધિસિદ્ધિઓ તેમનાં ચરણ ચુમતી, છતાં તેઓ તદ્દન નિર્લેપભાવે બધો જ બોજો એ પરમમાતાને સોંપી તદ્દન હળવા ફૂલ જેવા એક પ્રફુલ્લિત બાળક જેવા લાગતા! પોતાની જીવનદોરી પ્રભુના હાથમાં સોંપી દઇ તેઓ મુક્તપણે વિહાર કરતા! તદ્દન નજીવી બાબતથી માંડીને તેમનું સર્વ યોગક્ષેમ પ્રભુએ અદ્‌ભુત રીતે સંભાળ્યું. છેલ્લે જ્યારે હાર્ટએટેક આવ્યો ત્યારે પણ તેમણે જગદંબાને બાળ સહજ ભાવે પૂછ્યું, "મા, મને અહીં છાતીમાં દુઃખે છે, મારે શું કરવાનું છે?" જગદંબાએ કહ્યું, "હોસ્પિટાલમાં દાખલ થઇ જાવ" પૂ. શ્રી પરમશક્તિની આજ્ઞાપ્રમાણે હોસ્પિટાલમાં દાખલ થઇ ગયા અને ત્યાં પૂ. મા શ્રી સર્વેશ્વરી સ્વરૂપે જગદંબા સ્વયં સેવામાં ઉપસ્થિત થઇ ગયાં!

આપણે મોંમાં આંગળા નાંખી જઇએ તેવી પૂ. શ્રીના જીવનની આ બધી અદ્‌ભુત ઘટનાઓ છે. સ્વયં પરમાત્મા સ્વરૂપે પરમપદે પ્રતિષ્ઠિત હોવા છતાં એ ભાર એમણે ક્યારેય માથે રાખ્યો



ન હતો. આપણે તો અમથા ભાર ખેંચતા ન હોવા છતાં પેલા કુતરાની જેમ બધો જ ભાર હું જ વહન કરું છું તેઓ દેખાવ કરવામાં પાછા પડતા નથી. આપણી દાંભિકતાનો પાર નથી અને પૂ. શ્રીની સરળતાનો પાર નથી. પૂ. શ્રી આપણા જીવનમાં આવ્યા છે તો "હું કરું હું કરું" છોડીને હળવાફૂલ બની જઇએ તો કેમ? મન અને શરીરના બધા જ વાઘા ઉતારીને શીશુસમ નિર્દોષ ક્યારે બનીશું? આપણી જીવનકલમમાં પૂ. શ્રીને વહેવાની ઇચ્છા થઇ આવે તેવા ખાલીખમ ક્યારે બનીશું? પૂ. શ્રીની મહાનતા પાસે આપણી તો શું ગણના? આપણું તો મામુલી જીવન, છતાં કપડાં પહેરવાથી માંડીને જીવનની દરેક નજીવી બાબતોમાં પણ અહં છલકાતું દેખાય! પૂ. શ્રીના આ જીવનપ્રસંગોમાંથી પાથેય બાંધી લઇએ! ગમે તેવા સમૃદ્ધ થઇએ પણ પૂ. શ્રીની જેમ સરળ થઇને જીવીએ! જેવી સરળતા ને સ્વચ્છતા અંદર તેવી જ સરળતા ને સ્વચ્છતા બહાર. તે પ્રસંગ પણ માણીએ.

સુરેન્દ્રનગરનાં પ્રવચનો વખતે એક દિવસ પૂ. શ્રી બપોરનું ભોજન લેવા બિરાજ્યા હતા. ખાલી થાળીમાં પડેલી ચમચી અસ્વચ્છ લાગતાં તેમણે તે ચમચી સાફ કરવા એક ભાઇને આપી. તે ભાઇ સાફ કરીને પૂ. શ્રીને આપતા હતા ત્યાં પૂ. શ્રીએ ફરીથી કહ્યું કે ફરીથી સાફ કરી લાવો. ત્રીજી વખત પણ એજ પ્રમાણે કહ્યું ત્યારે પેલા ભાઇને નવાઇ લાગી કે મને કેમ વારંવાર પૂ. શ્રી ચમચી ધોવા માટે મોકલે છે? અંતે મુંઝવણનો ઉકેલ આપતાં પૂ. શ્રી કહે કે ધોયા પછી તમારી ચમચી પકડીને આવવાની રીત બરાબર ન હતી. ત્રણેય વખતે તમે ચમચીને છેડાથી પકડવાને બદલે જે ખાવાનો ભાગ છે ત્યાંથી પકડતા હતા. એટલે તમારા હાથના સ્પર્શથી વારંવાર અસ્વચ્છ થતી હતી! હાથ સાફ કરી

ચમચીને છેડાથી પકડીને જમનાર વ્યક્તિને આપવી જોઈએ. પેલા ભાઈને તો કલ્પના પણ ન હતી કે ચમતી પકડવાની આ રીત અયોગ્ય કહેવાય!

વાત તો ચમચી પકડવાની હતી. એ નજીવી વાત તરફ લેશમાત્ર ધ્યાન ન હોય ત્યાં પછી ચમચીને યોગ્ય કે અયોગ્ય રીતે પકડવાની વાત જ ક્યાં રહી? ચમચીને આ રીતે પકડીને સ્વચ્છ રાખી શકાય તેની કલ્પના પણ જ્યાં ન આવે ત્યાં મહાપુરુષોની ઉત્તમ જીવનદૃષ્ટિ ઉત્તમતા શોધી કાઢે છે. મહાપુરુષોની અંતરની સૂક્ષ્મતમ પવિત્રતા કે સ્વચ્છતા વર્તનમાં પણ સહજ રીતે પ્રતિબિંબિત થતી હોય છે. અંતઃકરણનો અરીસો જેટલો સ્વચ્છ, વર્તનનું પ્રતિબિંબ પણ એટલું જ વિશુદ્ધ.

પરમપુરુષોના જીવન વ્યવહારો બોલતા હોય છે, એમના સદ્વર્તનમાંથી શાસ્ત્રો રચાતાં હોય છે. તેમના જીવનના હરેક લીલાપ્રસંગોમાંથી ઉપસતાં ચિત્રોમાં જીવનનો ઈતિહાસ આલેખાતો હોય છે. એટલે જ જેમને પણ એ પરમપુરુષોનું દિવ્ય સાન્નિધ્ય સાંપડે છે, તેમને પછી શાસ્ત્રવાંચન કે બીજા માર્ગદર્શનની જરૂર પડતી નથી. એમના દર્શન માત્રથી અંતરમાં ઉજાસ પથરાય જાય છે. એ ઉજાસમાં જીવનપંથ સરળ બની જાય છે. જેમ જેમ એમના પદચિહ્નોપર આપણે ચાલતા જઈએ છીએ તેમ તેમ આપણા ડગમગતા પગ સ્થિર થતા જાય છે. પ્રભુમય આદર્શ જીવનનો ઈતિહાસ એમના વર્તનમાંથી પ્રકટતો હોય છે. ચમચી યોગ્ય રીતે પકડવાની આદર્શ રીતભાત એ ઉજ્જ્વળ ઈતિહાસની ભલે એક નાનકડી નોંધ રહી પરંતુ આપણા માટે તો પ્રેરણા પરબ છે. જેમ જેમ એ પરબનું અમૃતપાન કરતાં જઈશું, તેમ તેમ



આપણું અંતરસરોવર અમૃતથી છલકાતું રહેશે, મધુપને વળગેલા રહીશું તો જરૂર મધુમય બનશું!

ચમચી યોગ્ય રીતે પકડવાની રીતભાત આપણને આપણા જીવનને પણ કેમ યોગ્ય રીતે પકડવું તે શીખવે છે. જીવનને જ એવી રીતે પકડીએ કે જેથી તે સ્વચ્છ, નિર્મળ, પવિત્ર રહે. જીવનની હરપળે જાગૃત રહીએ. જીવનની દરેક રીતભાતમાં મહાપુરુષોની જેમ સંવાદિતા પ્રકટ થતી રહે તે માટે સતત એ પરમપુરુષોની લીલાનું સ્મરણ કરતા રહીએ.

આ પ્રસંગમાંથી એક બીજી વાત પણ શીખવા જેવી છે. પેલા ભાઈ ઊંધી ચમચી પકડીને આવ્યા છતાં પણ પૂ. શ્રીએ એમ નથી કહ્યું કે તમે તો સાવ ગમાર છો, તમને ચમચી પકડવાનું પણ ભાન નથી, પરંતુ ચમચી ધોવા માટે ત્રણેક વાર કહ્યું ત્યારે પેલા ભાઈને જ થયું કે આમાં કંઈક મારી ભૂલ થાય છે. પોતાની ભૂલ પોતાને જ સમજાય અને પોતે જ સમજીને દૂર કરે તો જીવનમાં તેનું પુનરાવર્તન નહીં થાય. ક્રોધિત થઈને કે દબાણપૂર્વક કોઈને ભૂલ સમજાવવાનો પ્રયત્ન કરીશું તો તે સફળ નહીં થાય. સામે નાનું અહં ઘવાય એ રીતે તેને તેની ભૂલ બતાવીશું તો એ ભૂલ સુધારવાને બદલે વારંવાર તે ભૂલનું પુનરાવર્તન કરી પોતાના અહંનું ગૌરવ લેતો થઈ જશે.

મહાપુરુષો કોઈને ઠેસ લાગે તેવું બોલતા કે કરતા નથી. તેમનો વ્યવહાર મૃદુ અને માધુર્યસભર હોય છે. અહીં એવા જ સાલસ વ્યવહારે હસતા હસતાં પણ જે સમજાવવાનું હતું તે સમજાવી દીધું. આપણે પણ આ પ્રસંગોમાંથી જીવન પાથેય બાંધી લેવાનું છે.

આપણે પણ જીવન સોપાનો સર કરતા રહેવાનું છે પણ ચૂપચાપ! કોઇ જાહેરાત નહીં, કોઇ દેખાડો કરવાની વૃત્તિ નહીં. પરિવર્તન અંદરથી કરવાનું છે, બાહ્યપરિવર્તન દ્વારા કોઇનું ધ્યાન ખેંચવાની જરૂર નથી. મંથન તો અંદર ચાલે, ઉપર તો શાંતિનું નવનીત સહજ તરી આવશે. આપણે અંતરને એવું તો નિર્મળ, સ્વચ્છ અને પવિત્ર બનાવવાનું છે કે એની છાપ સહજ જ બીજાના અંતરમાં ઉઠે! બીજાને સ્વચ્છતા કે પવિત્રતાનો ઉપદેશ આપવાની જરૂર નથી. આપણે એવી રીતે વર્તવાનું છે કે આપણા અહંશૂન્ય નિર્મળ જીવન વ્યવહારો જોઇને જ બીજાની ભૂલ સમજાઇ જાય.

આ છે પૂ. યોગેશ્વરજીના પ્રેમમુદિત પવિત્ર લૌકિક અને અલૌકિક જીવનપ્રસંગોનું પાથેય! અલૌકિક પ્રસંગની અહંશૂન્યતા, લૌકિક વ્યવહારોમાં પણ એવી જ પ્રતિબિંબિત થઇ ઉઠે છે. ઉપલકદૃષ્ટિએ જોતાં એ પ્રસંગો ભલે નગણ્ય લાગતા હોય પરંતુ એ જીવન વ્યવહારોની ઉડીને આંખે વળગતી સમયકદૃષ્ટિ, આપણી જીવન પ્રત્યેની આંખ ઉઘાડી આપે છે, જેથી આપણે આપણાં જીવનપંથને પરમધામના લક્ષ તરફ વાળી શકીએ છીએ.

મધુરતા અને શાશ્વતસુખની સૃષ્ટિ જેવા પૂ. યોગેશ્વરજી જેવા પરમપુરુષોના પંદરમી ઓગસ્ટના પ્રાકટ્ય પર્વે, પ્રેરણાના ભંડારસમા તેમના જીવનમાંથી આપણા જીવનપથનું પાથેય બાંધી લઇએ, પછી જીવન જ જવાબ આપશે.

તમારો સહવાસ પામી, તમારો રસ મેળવી,
પ્રેરણા ઝીલી તમારી, ચિત્તને નિત કેળવી;
ગણાતી'ની જે અસાર વળી, વિષ સમી લે બધી,
જિંદગી ઉત્સવ સમી, મારે ખરેખર છે થઇ!



# કબીર સુધા

પરમાર્થી

પંદર સત્તર વર્ષના ત્રણ ભાઇઓ મારી પાસે આવ્યા ને વિનંતિપૂર્વક મને પૂછવા લાગ્યા : કાકા, સાંભળ્યું છે કે પૂ. યોગેશ્વરજી તમને જ્ઞાની તરીકે ઓળખાવતા. જો એ સત્ય હોય તો તમારા જ્ઞાનનો લાભ અમારે લેવો છે. આજે સમય આપી શકશો?

પૂજ્યશ્રી એક મહાન સંત હતા. તેઓ ગુણગ્રાહી હતા. સામી વ્યક્તિમાં તલ જેવડો ગુણ હોય તો તેઓ આનંદિત થઇ જતા. એટલું જ નહીં પણ તેને મોટા પર્વત જેવડો બનાવી તેના જાહેરમાં વખાણ પણ કરતા. તેઓ ભાગ્યે જ કોઇને ખોટી રીતે નિરાશ કરતા. હું સંસ્કૃતનો વિદ્યાર્થી હતો એટલે સ્વાભાવિક રીતે મને શાસ્ત્રગ્રંથોનો પરિચય હતો. જ્યારે જ્યારે તક મળતી ત્યારે ત્યારે હું તેમને પ્રશ્નો પૂછતો. ખાસ કરીને આત્મવિદ્યા કે આત્મજ્ઞાન અંગેના જ પ્રશ્નો રહેતા. વળી મારી પાસે તેઓ એક પદ વારંવાર ગવડાવતા. તે પદ મેં મારી અંગત સાધનાને અનુલક્ષીને જ લખ્યું હતું. હાલતાં તે પદનું રટણ મારા હૃદયમાં થયા કરતું :

સતગુરુ, શરણે મને નિત્ય રાખો રે
પડદા ઓથે કોણ છૂપાયું તે ભાખો રે.

આ પદની તેઓ વારંવાર પ્રશંસા કરતા. કદાચ એથી મને તેઓ જ્ઞાની તરીકે ઓળખાવવા પ્રયત્ન કરતા. બાકી જ્ઞાની કહેવા પાછળનો બીજો કોઇ આશય હોય તેવું જાણ્યું નથી. હકીકતે હું

જ્ઞાની નથી. જો જ્ઞાની જ કહેવો હોય તો સદ્‌ગુરુ કબીર સાહેબની ભાષામાં કહી શકાય :

> જ્ઞાની ભૂલે જ્ઞાન કથી નિકટ રહ્યો નિજ રૂપ,
> બાહર ખોજે બાપુરે ભીતર વસ્તુ અનૂપ.

કબીર સાહેબ અહીં પુસ્તકિયા જ્ઞાનીની વિડંબના કરે છે. તેવા જ્ઞાનીઓ જગતમાં ઘણા મળશે. તેવા જ્ઞાની વાતોના વડા કરી જાણે. જુદી જુદી રીતે વાતોનાં વમળો ઉભા કરી તે જ્ઞાનની કથા કરે ને થોડી સારી છાપ પાડે. બાકી તેણે પોતાની અંદર જે સ્વસ્વરૂપ છે તેને જાણવા કદી પણ પ્રયત્ન કર્યો હોતો નથી. તે પરમ સુખની વાતો કરે છે પણ તે પરમ સુખ ક્યાં રહ્યું છે તેની તેને લેશ પણ ખબર નથી હોતી. તે અજ્ઞાનીની માફક જ તીર્થોમાં કે મંદિરોમાં જઇ પરમ સુખને શોધતો બહાર બધે ભટકતો ફરે છે.

> ભીતર તો ભેદ્યો નહીં, બહાર કથૈ અનેક
> ભીતર ભેદી યદિ જુવે ભીતર બહાર એક !

તેનું હૃદય ભેદાયું નથી. તે બોલે છે મુખદ્વારા શાસ્ત્રવાણી, પણ તે સાવ લૂખી જ. તેને કદી પણ અનુભવ થયો નથી હોતો. તે બહાર જઇ સત્સંગ પણ કરે ને ભાષણો પણ આપી જાણે. પણ તેનું ભીતર ભગવાનની ભક્તિથી ભેદાઇને પ્રેમભીનું બન્યું નથી હોતું. તેથી તેની વાણીમાં અહંકાર આડંબરનું રૂપ ધારણ કરી વ્યક્ત થતો પણ જણાય છે. તેની વાણી સાંભળનારને ભારેખમ લાગે. અહંકારની આડમાં જે અંદર છે તે જ બહાર છે તે દેખી શકાતું નથી. જેનું ભીતર ભેદાયું હોય તેને જ ભીતરનું ધબકતું ચૈતન્ય બહાર પણ એકાકાર થઇને જીવંત જણાય છે. તેનો



અહંકાર ઓગળી ગયો હોય છે. તેથી તેની વાણી સરળ ને ફૂલ જેવી મુલાયમ ને આકર્ષક લાગે છે. તે સાંભળનારને સોંસરવી હૃદયમાં ઉતરી જાય છે. પરંતુ જેને માત્ર પુસ્તકિયું જ્ઞાન છે તેની વાણી એટલી અસરકારક થઇ શકતી નથી. મહાત્માજી સાચા અર્થમાં જ્ઞાની મહાત્મા હતા. તેમણે જે અનુભવેલું તે જ તેઓ કહેતા. તેમના મુખમાંથી સરવાણી ફૂટતી. તેથી તેમની વાણીમાં શ્રોતાવર્ગ સમયનું ભાન ભૂલી ડૂબી જતો અને સર્વના હૈયામાં અહોભાવની ભરતી જાગતી. જ્ઞાની પુરુષની વાણી ખરેખર એટલા માટે જ અણમોલ હોય છે.

> બોલી એક અમોલ હૈ જો કોઇ બોલૈ જાનિ,
> હિયે તરાજૂ તૌલિકે તબ મુખ બહાર આનિ.

'જાનિ' એટલે અનુભવનું જ્ઞાન પ્રાપ્ત કરનાર જ્ઞાની. તે હૃદયને ત્રાજવે તોલીને જાણે બોલતો હોય છે. વગર વિચાર્યે તેના મુખમાંથી કદી પણ વાણી ઝરે નહીં. તેવી વાણી ખરેખર અણમોલ હોય છે. તેવી વાણીમાં શ્રોતાજન સ્નાન કરીને પોતાનો મેલ ધોઇ શકે. આ દૃષ્ટિએ હું મારી જાતને જ્ઞાની માનતો નથી. મહાત્માજી જ્ઞાની કહેતા તેની પાછળ પ્રેમભર્યો મધુર ભાવ હતો. જેમ બાળકને પિતા માનાર્થે બોલાવે ને પ્રોત્સાહન આપે તેમ મને પણ પ્રોત્સાહિત કરતા. જ્ઞાનને માર્ગે આગળ વધવાની એ દ્વારા પ્રેરણા મળતી. બાકી સાચા અર્થમાં જ્ઞાનીનું એકે લક્ષણ મારામાં આજે પણ નથી.

તમારે મહાત્માજી વિષે કાંઇ જાણવું હોય તો તેની માહિતી મારી પાસે ખરી. પૂજ્ય શ્રી સાથે મને પરદેશની યાત્રા કરવાનો પોણા બે માસનો ખાસ્સો મોકો મળ્યો હતો. ત્યાંથી આવ્યા પછી

બીજે વર્ષે સૂરતની છેલ્લી શિબિર થઇ હતી. તે શિબિરમાં તેમણે મને ગંગોત્રી યાત્રામાં સાથે લઇ જવાનો નિર્ણય જણાવ્યો હતો ત્યારે મને ખરેખર ખૂબ આનંદ થયો હતો. કારણ કે જેમ પરદેશની યાત્રામાં મને અણમોલ લાભ પૂજ્યશ્રીએ આપ્યો હતો તેવો લાભ હિમાલયની યાત્રામાં આપે તેવી હું વારંવાર પ્રાર્થના કર્યા જ કરતો હતો. તે પ્રાર્થના તેમણે સાંભળેલી અને મને ગંગોત્રીની યાત્રાનો લ્હાવો મળ્યો હતો. એટલે તેવી કાંઇ વાતો જાણવી હોય તો વાતો કરી શકાય.

"કાકા, અમને તે બધી વાતો સાંભળવાની ગમશે. સમય હોય તો આજે રાત્રે જ ગોઠવો તો કેવું સારું? હમણા તો અમારે મહાત્માજી વિશે બીજી થોડી વાતો જાણવી છે."

"બોલો! શું જાણવું છે?"

"મહાત્માજીને ખીચડી શા માટે પસંદ હતી? તેમને રાંધતા નહોતું આવડતું તેથી કે બીજું કોઇ કારણ છે? ઉત્તર ભારતમાં ખીચડી વિશે કોણ જાણે?"

તેઓનો પ્રશ્ન સાંભળીને મને હસવું આવ્યું. મેં કહ્યું કે ખીચડી સરળતાથી પકાવી શકાય ને સરળતાથી પચી પણ જાય તેવી સાદી વાનગી ગણાય. વળી તેને પકવવા માટે ઉપાધિ પણ ઓછી. એક જ વાસણ પૂરતું ગણાય. હિમાલયના એકાંતવાસમાં પ્રભુની ભક્તિમાં નિમગ્ન બની જવા માટે ઉપાધિ ઓછી જોઇએ. તે હિસાબે મહાત્માજી ખીચડીને પસંદ કરતા. બાકી રાંધતા તેમને આવડતું નહોતું તે વાત સાચી છે. પણ જે ખીચડી રાંધતા શીખી શકે છે તે કોઇ પણ વાનગી બનાવતાં શીખી શકે છે. પરંતુ ખરેખર તો તેમને રાંધવા માટે થોડો સમય આપવો પડતો તે પણ



ગમતું નહીં. સમયનું મૂલ્ય તેમને મન મોટું હતું. બાકી ખીચડી સિવાય પણ તેમને બીજી ઘણી વાનગી ભાવતી. લાડુ તેમને અત્યંત પ્રિય હતા. છતાં ખીચડી માટેનો તેમનો પક્ષપાત સાધનાની અનુકૂળતાને હિસાબે જ હતો.

ઉત્તર ભારતમાં ખીચડી વિશે જાણતા હશે કે નહીં તેની મને તો ખબર નથી. પણ સદ્‌ગુરુ કબીર સાહેબ ખીચડી વિશે જાણતા હતા. એટલું જ નહીં પણ મહાત્માજીની જેમ તેઓ ખીચડીને જ પસંદ કરતા હતા. કબીર સાહેબને થઇ ગયાને લગભગ છસો વર્ષ તો થઇ જ ગયાં છે. કબીર સાહેબે ખાસ કરીને બનારસને કર્મ-ભૂમિ બનાવી હતી. બનારસ ઉત્તર ભારતમાં આવ્યું ગણાય. તેથી છસો વર્ષ પહેલા ખીચડી વિશે ઉત્તર ભારતમાં જાણકારી હતી તે નીચેની સાખી સિદ્ધ કરે છે :

ખુસ માના હૈ ખીચરી માહિ પર ટુક નૌન,
માંસ પરાયા ખાય કર ગરા કટાવે કૌન?

'ખીચરી' એટલે ખીચડી. 'નૌન' એટલે મીઠું. ટુક એટલે ચપટીક મીઠું. કબીર સાહેબ કહેવા માંગે છે કે ખીચડીનો આહાર સાધક માટે ઉત્તમ. ચપટીક મીઠું નાંખ્યું કે ખીચડી તૈયાર. ઉપાધિ તદ્દન ઓછી. વળી સ્વભાવે સાત્ત્વિક પણ ખરી. જલદી પચી જાય. બાકી બીજો આહાર વિચાર માંગી લે છે. બીજા જીવનું માંસ ખાયને પોતાનું ગળું કોણ કપાવે? કર્મનો સિદ્ધાંત પણ અહીં સાધકને સાહેબે જણાવી દીધો છે. માંસ ખાનારે બીજા જીવની હિંસા કરવી જ પડે. તે એક મોટો અપરાધ છે. તે માંસ ખાનારે એક દિવસ તેનું ગળું પણ કપાવવું પડશે તે યાદ રાખવું જરૂરી છે. પોતાની જીવદયાની ભાવના જોરદાર રીતે અભિવ્યક્ત કરતા કહ્યું છે :

બકરી પાતી ખાત હૈ તાકી કાઢે ખાલ,
જો બકરીકો ખાત હૈ તાકો કૌન હવાલ?

અર્થાત્ બકરી તો નિર્દોષ પ્રાણી છે. તેનો કુદરતી આહાર પાન ખાવાનો છે. તે કોઇ ગૂનો કરતી નથી. છતાં તે મરી જાય ત્યારે લોકો તેની ચામડી ઉતારે છે. તો પછી જે લોકો બકરીને મારીને પોતે ખાવાનો અપરાધ કરે છે તેની શી હાલત થશે? કર્મ તો કોઇને છોડતું જ નથી. રામ જેવા રામને પણ નહીં. આ દૃષ્ટિએ સદ્‌ગુરુ કબીર સાહેબ ખીચડીનો સમાવેશ સાત્ત્વિક આહારમાં શા માટે કરતા હતા તે સ્પષ્ટ સમજાશે. હિમાલયના એકાંતવાસમાં વિવિધ વાનગીઓ ખાવાનું મન થાય તો એકાંતવાસનો સદુપયોગ સાધક કેવી રીતે કરી શકે? માટે મહાત્માજીએ ખીચડી પસંદ કરેલી.

હિમાલયમાં મહાત્માજી ખીચડી રાંધતા તો કેટલીકવાર ખીચડી કાચી રહી જતી. ત્યારે તેઓ તેને ગંગાજીમાં પધરાવી દેતા ને પાણી પીને સમયનો સદુપયોગ કરતા. તેમની રાંધવાની પદ્ધતિનો મને બરાબર ખ્યાલ છે. ગંગોત્રીની યાત્રામાં નીકળ્યા હતા ત્યારે રાજસ્થાનના ડુંગરોમાં અમારી ગાડી ભાંગી પડેલી. કોઇને ઇજા થઇ નહોતી. પૂજ્યશ્રી બીજી ગાડીમાં હતા. તે ગાડી લઇને શ્રી જિતુભાઇ તેના સમારકામ માટે યોજના ઘડવા લાગ્યા હતા. શહેર તો દૂર હતું. એટલે સારી ગાડી લઇ જવાનો પૂજ્યશ્રીએ હુકમ કર્યો હતો. ગાડી ગઇ એટલે પૂજ્યશ્રીએ સૌનું ધ્યાન દોર્યું ખીણ ભણી. ત્યાં કૂવો હતો અને આંબાનું ઝાડ પણ હતું. ત્યાં અમે બધાં પહોંચ્યા. પૂજ્યશ્રીએ ખીચડી રાંધવાની દરખાસ્ત કરી. એટલે મેં ચૂલા માટે ત્રણ પથ્થરો શોધી આપ્યા. પૂજ્યશ્રી સંસ્કૃતમાં શ્લોકો બોલતા જાય અને સૌને હસાવતા જાય. બ્રાહ્મણ વિધિ કરે તેવી



વિધિ પણ કરતા જાય. અમે સૌએ ડીંગલા વીણીને બળતરણની સામગ્રી એકઠી કરી આપી. મહાત્માજીએ પોતે ખીચડી રાંધી. પણ તે દિવસે ખીચડી રહી ગઇ કાચી. ઉપરથી ઠંડુ પાણી રેડયા કર્યું પણ ખીચડી મચક આપે નહિ. મહાત્માજી થાક્યા ત્યારે પાણી બંધ કર્યું. તે દિવસે પૂજ્ય મહાત્માજીએ જંગલમાં અમારા ઉપર આવી પડેલી મુસીબતને અમને હસાવી હસાવીને ભૂલાવી દીધી હતી તે આજે યાદ કરું છું ત્યારે સાચા જ્ઞાની પુરુષનો મને બરાબર ખ્યાલ આવે છે.


પ્રભુવિણ જે કંઇ અન્ય તે, જાણો સૌ દુઃખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. નાથભગવાન્

IS:10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

# ગુરુ મહિમા

કમલ સુથાર

શાસ્ત્રોએ, સંતોએ, જ્ઞાનીઓએ, મહાપુરુષોએ, ગુરુનો, સદ્-ગુરુનો અનન્ય મહિમા ગાયો છે. પરમ આત્મજ્ઞાની સંત શ્રી કબીરજી સદ્ગુરુનો મહિમા ગાતાં કહે છે :

ગુરુ ગોવિન્દ્ર દોઉં ખડે કાકો લાગૂં પાય;
બલિહારી ગુરુ આપની જિન ગોવિન્દ દિયો બતાય.

ગુરુ અને ભગવાન બંને સાથે ઊભા છે. સંત કબીરજી મનમાં વિચાર કરે છે કે સૌથી પહેલાં કોને પ્રણામ કરું? ગુરુને કે ભગવાનને? પછી તરત જ આ આત્માનુભવી પરમ સંતની વિવેકી બુદ્ધિ નિર્ણય કરે છે કે સદ્ગુરુને જ પ્રથમ વંદન કરું. કેમકે સદ્ગુરુએ જ જ્ઞાન આપ્યું. જીવનમાં જ્ઞાનનો દીપ પ્રગટાવ્યો. જેના કારણે આજે મને ગોવિન્દનાં–ભગવાનનાં દર્શન થઇ શક્યાં છે. ગુરુ ન હોત તો ભગવાનનાં દર્શન ન થાત. ગુરુની જ બલિહારી છે જેના કારણે ભગવાન મળ્યા છે. સૌથી મોટો ઉપકાર ગુરુનો જ છે. માટે સૌ પ્રથમ ગુરુને જ વંદન કરું. પછી ભગવાનને. આમ સંતોએ, જ્ઞાનીઓએ, ભગવાન કરતાં પણ સદ્ગુરુનું વિશેષ મહત્ત્વ ગાયું છે.

આજ પરમ સંત શ્રી કબીરજી સદ્ગુરુનો વિશેષ મહિમા ગાતાં કહે છે :

ગુરુ બિન કૌન બતાવે વાટ;
બડા વિકટ હૈ યમઘાટ.

આ સંસારની ભવાટવીમાં જીવાત્મા અટવાય છે. આ માયા-



જાળમાંથી છૂટવાનો માર્ગ પરમ અનુભવી સદ્ગુરુ જ બતાવી શકે છે. દેખતા જ બીજાને માર્ગ બતાવી શકે છે. આંધળાં શી રીતે બીજાંને માર્ગ બતાવી શકે? જેમની આંખો ઉપર અજ્ઞાન–અંધકારનાં પડળ ચડેલાં છે. એ શી રીતે દિવ્ય પ્રકાશના પંથે દોરી શકે? અંધકારનાં ધુવડો સૂર્યના અસ્તિત્વ વિષે શી રીતે વાત કરી શકે? સૂર્યના પ્રકાશ વિષે શી રીતે વાત કરી શકે? અધોદૃષ્ટિવાળો બોકરીયો કે ઘેટાં શી રીતે ઊર્ધ્વગતિ તરફ દોરી શકે? હડકાયાં કૂતરાં કે ડુકરાં કે રખડતાં હરાયાં આખલાં શી રીતે ઊર્ધ્વગતિની વાત કરી શકે? એમ જેમને ઈર્ષા, દ્વેષ, છળ, કપટ, લોભ, લાલચ-નો હડકવા લાગ્યો છે એ વિકટ યમઘાટને પાર કરી મૃત્યુના મુખમાંથી બચી અમરતાનો માર્ગ શી રીતે બતાવી શકે? મૃત્યુની પેલેપાર જવાનો; આત્મસાક્ષાત્કારનો; પરમાત્મસાક્ષાત્કારનો, દિવ્ય પ્રકાશનો માર્ગ તો, દેખતા, પરમ અનુભવી આત્મસાક્ષાત્કારી ભવસાગર તરી જાય છે. પરમ મોક્ષ–મુક્તિનો અધિકારી બને છે. માટે જ આવા પરમ સંતો ગુરુનાં ગુણગાન ગાતાં થાકતા નથી.

સદ્ગુરુને એ પોતાના પ્રાણ કરતાં પણ વહાલા ગણે છે. સદ્ગુરુનો દરેક પ્રકારે આદર–સત્કાર કરે છે. એમને પૂજે છે. વંદે છે. કેમકે એ ગુરુની પરમ દિવ્યશક્તિને જાણે છે. એટલે જ તો એક પરમ અનુભવી સંત કહે છે :

હરિ રુઠે ગુરુ ઠૌર હૈ ગુરુ રુઠે નહિ ઠૌર.

હરિ–ભગવાન જો રુઠે તો–શિષ્યને ગુરુનું શરણ, સહાય મળી શકે છે. ગુરુની છત્રછાયામાં એ પરમ નિર્ભય રહી શકે છે. પણ ગુરુ રુઠે તો હરિ–ભગવાન પણ એને સહાય કરતા નથી. ગુરુના શરણમાં શિષ્ય નિર્ભય બને છે. એટલે એવા વિવેકી શિષ્યો–જિજ્ઞાસુઓ કદીય ગુરુનો અનાદર નથી કરતા. એમની આજ્ઞાને અવગણતા નથી. એમના પ્રત્યેક બોલને એ બ્રહ્મવાક્ય

માની ગ્રહણ કરે છે. અને એમને ભગવદ્ સ્વરૂપ માની પૂજે છે. કેમકે એ જાણે છે કે સદ્‌ગુરુ અને ભગવાન બંને તાત્ત્વિકરૂપે એક જ છે. કેમકે સદ્‌ગુરુની પૂજા એ પરોક્ષરૂપે ભગવાનની જ પૂજા છે. "ગુ" =અંધકાર. અને "રુ" =પ્રકાશ.

અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી જ્ઞાનરૂપી પ્રકાશને પંથે દોરનાર એટલે ગુરુ–સદ્‌ગુરુ.

ભારતીય સંસ્કૃતિમાં વેદકાળથી જ ગુરુનું મહત્ત્વ ગવાતું આવ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણ પણ પોતાના ગુરુ સાંદિપની ઋષિની સેવા કરતા. રાજપુત્ર શ્રીકૃષ્ણ હોય કે ગરીબ સુદામા. બંને સમાનરૂપે ગુરુ સેવા કરતા. અને બધાય શિષ્યો ઉપર ગુરુનો સમાન સદ્‌ભાવ રહેતો રાજા જનક પણ સદ્‌ગુરુ યાજ્ઞાવલ્ક્યનો આદર કરતા. મહિમા ગાતા. શ્રીકૃષ્ણ ભક્ત મીરાં પણ ગુરુગાન ગાતી. સંત જ્ઞાનેશ્વરે પણ ગુરુમહિમા ગાયો છે. અરે આધુનિક યુગમાં થયેલા પ્રચંડ વ્યક્તિત્વ ધરાવતા, સુશિક્ષિત, આત્મ-સાક્ષાત્કારી સંત સ્વામી વિવેકાનંદે પણ પોતાના સદ્‌ગુરુ શ્રીરામ-કૃષ્ણ પરમહંસનો મહિમા ક્ષણે–ક્ષણે ગાયો છે. એ તો કહેતા : "મારા સદ્‌ગુરુ શ્રીરામકૃષ્ણદેવની મહતી કૃપાથી જ મેં આત્મ-સાક્ષાત્કાર કર્યો છે. પોતાના દરેક કાર્યની પાછળ એ તો સદ્‌ગુરુ શ્રીરામકૃષ્ણદેવની જ કૃપા જોતા.

આપણી ભારતીય ઉમદા સંસ્કૃતિની આ ગુરુમહિમાની પરંપરા આજે પણ જળવાઇ રહી છે. દર વર્ષે અષાડસુદ પૂર્ણિમા, વ્યાસ પૂર્ણિમા, ગુરુપૂર્ણિમાને દિવસે દરેક શ્રદ્ધાળુ સદ્‌શિષ્યો ગુરુપૂજન કરી, ગુરુમહિમા ગાય છે. અને દિવ્યપ્રકાશના અધિકારી બને છે. કેવળ "નુગરાં" જ પશુવત્ ભવસાગરમાં અટવાઇ, અંધકારમાં બાથોડિયાં મારી મૃત્યુના મુખમાં હોમાતાં જાય છે.



# મનની પેલે પાર રહસ્યો અપાર

યોગાચાર્ય શાન્તિકુમાર જ ભટ્ટ

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે 'જ્ઞાન કરતાં ધ્યાનની કક્ષા ઊંચી છે. સામાન્ય જ્ઞાન આપણે આંખ, કાન, નાક, ત્વચા તથા જીભ એ પાંચ ઇન્દ્રિયોથી પ્રાપ્ત કરીએ છીએ, પણ ઇન્દ્રિયોની શક્તિ મર્યાદિત હોવાથી ઇન્દ્રિયો દ્વારા આપણે સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરી શકીએ નહીં. આથી જે ઇન્દ્રિયાતીત જ્ઞાન છે તે આપણે ધ્યાનયોગ દ્વારા તથા પરમાત્માની પરમ ભક્તિથી પ્રાપ્ત કરી શકીએ છીએ.

ધ્યાનયોગ દ્વારા પ્રાપ્ત થતા ઇન્દ્રિયાતીત જ્ઞાનનું એક ઉદાહરણ આ રહ્યું. નાસિકમાં ગોદાવરી નદીના કાંઠા ઉપર નાના નાના શિવાલયોનો પાર નથી. આવા દહેરી જેવા કેટલાક શિવાલયોમાં બપોરે અને વરસાદના સમયમાં આજે તો કૂતરાં આરામ કરે છે. પરંતુ એક અંગ્રેજ યુવાન પ્રાધ્યાપક માટે આ શિવાલયોનું મૂલ્ય કોઇ ઓર જ હતું. એને શિવાલયના વિશલિંગોમાં રસ ન હતો પણ ભીંતો પરના લખાણોમાં રસ હતો. આવા એક શિવાલયની દીવાલ પરની એક આકૃતિ આગળ એ ઊભો રહ્યો અને ચમક્યો. એને સંસ્કૃત વાંચતા આવડતું હતું. આકૃતિમાં ચાર ચાર ખાનાઓની ચાર હારનો ચોરસ હતો. આવા જાદુઇ ચોરસો તો તંત્રશાસ્ત્રમાં પણ હોય છે, પણ આ જાદુઇ ચોરસની વાત જુદી હતી. એમાં ચોવીસ રીતે સરવાળો કરવાથી સરવાળાની રકમ એક જ હતી દા. ત.

| | | | |
|---|---|---|---|
| ૨૪ | ૩૧ | ૨ | ૭ |
| ૬ | ૩ | ૨૮ | ૨૭ |
| ૩૦ | ૨૫ | ૮ | ૧ |
| ૪ | ૫ | ૨૬ | ૨૯ |

આમાં કોઇપણ નજીકના ચાર ચોરસની, ચાર ખૂણાની, ઉભી, આડી લીટીઓના ચોરસની ૧, ૨, ૧૩, ૧૪ મા ચોરસ એમ બધા ચોરસની સંખ્યાઓનો સરવાળો ૬૪ થાય છે. આમ ૨૪ રીતે સરવાળો ચોવીસ થાય છે. આ ઉપરાંત એમાં ૧ થી ૮ સુધીના આંકડા પણ છે, માત્ર પ્રયોગો કરી આવો ચોરસ બનાવવા જઇએ તો સેંકડો વર્ષ પણ કદાચ વીતી જાય. પરમ્યુટેશન–કોમ્બિનેશનની ગણિતની પદ્ધતિથી કરવા જઇએ તોય પાર ન આવે. તો આવો જાદુઇ ચોરસ બન્યો ક્યાંથી? એ ભારતીય ગણિતજ્ઞોએ ધ્યાનયોગ દ્વારા મેળવેલી સિદ્ધિ હતી. આથી આ ચોરસને નાસિક સ્કેવર તરીકે ગણિતની અંગ્રેજી ડિક્ષનરીમાં સ્થાન અપાયું છે.

પ્રાર્થના અને સંગીતથી વરસાદ આવે એ સાંભળી વૈજ્ઞાનિકો અને બુદ્ધિજીવીઓ આ હકીકતનો ઉપહાસ કરશે. પરંતુ નેશનલ જ્યોગ્રાફિક મેગેઝીન કદી અસત્ય તો છાપે જ નહીં. આ મેગેઝીનના ૧૯૭૭ ના ડીસેમ્બરના અંકમાં છપાયેલી નીચેની હકીકત સહુએ ધ્યાનથી વાંચવા જેવી છે. એમાં છાપ્યું છે કે:–

આ વર્ષે ફેબ્રુઆરીમાં ઇંગ્લેન્ડના રાણી ઇલિઝાબેથ (બીજા)એ (દક્ષિણ અમેરિકામાં) યુકેટનની મુલાકાત લીધી હતી. આ શાહી કાર્યક્રમની એક બાબતની ઘણી વિવેચના થઇ છે. ખુલ્લામાં આશરે હજાર મહાનુભાવો સત્કાર સમારંભમાં હાજર રહ્યા હતા. ફેબ્રુઆરીની ૧૭ મી તારીખે અકસમલના ખંડેરો નજીક રાતનો સમય હતો. સ્થાનિક સત્તાવાળાઓએ મેક્સિકોના લોકગીતો તથા નૃત્યોનો



કાર્યક્રમ યોજ્યો હતો. આ કાર્યક્રમમાં માયા સંસ્કૃતિના વરસાદના દેવની પ્રાર્થનાનો પણ સમાવેશ થતો હતો. આ દેવનું નામ ચેક છે. (ફેબ્રુઆરીમાં અહીં વરસાદ નથી આવતો પણ) આ પ્રાર્થના પછી તરત જ ભારે વરસાદ તૂટી પડયો! આપણે ત્યાં વરસાદ લાવવાને લગતા મંત્રો છે, યજ્ઞો છે પણ એ બધાની યોજના, પ્રાર્થનાની યોજના પણ ધ્યાનયોગનું જ પરિણામ છે. પણ ઘરનો જોગી જોગટો અને બહારથી આવ્યો તે સંત. માનવું પડે!

પૃથ્વી પોતાની ધરી પર ફરે છે એ કોઇ ઋષિમુનિઓએ ક્યારેય નજરે જોયું ન હતું અને સૂર્યની આસપાસ પૃથ્વી ફરે છે એ પણ કયા ઋષિમુનિ નજરે જોવા ગયા હતા? પરંતુ ઋગ્વેદના સમયમાં ઋષિમુનિઓએ આ ભૌગોલિક જ્ઞાન ધ્યાનયોગ દ્વારા પ્રાપ્ત કર્યું હતું. આ હકીકતનું એમણે ઋગ્વેદના પાંચમા મંડળની ચાલીસમી ઋચામાં વર્ણન કર્યું છે:–

ગ્રાવણો બ્રહ્મા યુયુજાનઃ સપર્યન્ કીરિણાં દેવાન્ નભસો પશિક્ષન્। ૐ અત્રિઃ સૂર્યસ્ય દિવિ ચક્ષુરાયાત્। સ્વર્ભાનોરયમાયા અધુક્ષત્। યે વૈ સૂર્ય સ્વર્ભાનુસ્તપસા વિધ્યદાસુરઃ। અત્રયસ્તમન્યવિન્દન ન હયન્યે શક્નુવન્.

"અર્થાત્ પોતાના અશ્વ પર ઘૂમતા સ્વાશ્વ પરિભ્રમણથી અહોરાત્રનું સ્વરૂપ બનાવતાં ભૂપિંડ સૂર્યની ચારે બાજુ પોતાના નિયત (ક્રાન્તિવૃત્ત) માર્ગની પરિક્રમા કરતા સંવત્સરનું સ્વરૂપ સંપન્ન કરે છે." પંરતુ શાળાઓમાં તો એમ જ શીખવાય છે કે આ બધી શોધો પાશ્ચાત્ય આધુનિક વૈજ્ઞાનિકોએ જ કરી છે.

પૃથ્વી ઉપર સૂર્યનો તડકો સર્વત્ર એક જ સ્થળે પડતો નથી (કારણકે પૃથ્વી ફરે છે.) એ શોધ ભાગવતકારે કરી છે અને ભાગવતમાં એનો ઉલ્લેખ છે.

બ્રહ્માંડમાં ગ્રહો ઇત્યાદિ ગુરુત્વાકર્ષણથી જ ફર્યા કરે છે આ ગુરુત્વાકર્ષણનો સિદ્ધાન્ત ન્યુટને શોધી કાઢયો હોવાનું કહેવાય છે. પરંતુ ગુરુત્વાકર્ષણની શોધ પ્રાચીન ઋષિમુનિઓએ ધ્યાનયોગ દ્વારા જ કરી હતી. સિદ્ધાન્તશિરોમણિ નામના જ્યોતિષના ગ્રંથમાં ગુરુત્વાકર્ષણ વિષે કહ્યું છે કે :

આ કૃષ્ટશક્તિશ્ચ મહીતયા યત્,
સ્વસ્થં ગુરુ સ્વાભિમુખં સ્વશક્ત્યા.
આકૃષ્યતે તત્ પતતીવ ભાતિ,
સમે સમન્તાત્ ક્વ પતત્વિયં મે.

આ ગુરુત્વાકર્ષણને લીધે જ ચન્દ્ર કે પૃથ્વી અવકાશમાંથી પડી જતા નથી.

હવે બેલુર મઠનું એક ઉદાહરણ આપું. ત્યાં એક થાંભલા ઉપર આરસપહાણમાં આબેહૂબ માખી કોતરી છે. પગ પણ માખી જેટલા ઝીણા અને પાંખો પારદર્શક પાતળી! આ શિલ્પની નીચે લખ્યું છે કે અમારો પડકાર છે કે આ માખી સામેના થાંભલા ઉપર કોતરી બતાવો!

હજી સુધી કોઇ શિલ્પી કલાકાર બીજી માખી કોતરવામાં સફળ થયો નથી. આ છે ધ્યાનયોગનું પરિણામ.

એક ગ્રંથમાં લખ્યું છે કે :

તે ધ્યાનયોગાનુગતા અપશ્યન્,
દેવાત્મશક્તિં સ્વગુણૈર્નિગૂઢામ્.

કુંડલિની શક્તિ જાગૃત ધ્યાનયોગ દ્વારા જ થાય છે. આવી શક્તિ જાગૃત થાય ત્યારે 'પંચસ્તવી'માં જણાવ્યા પ્રમાણે સાધક 'કવિતાર્કિકચક્રવર્તી' થાય છે.



સ્વામિનારાયણ સંપ્રદાયના એક યુવાન સાધુ હું જ્યારે મુંબઇ સમાચાર સાપ્તાહિકનો તંત્રી હતો ત્યારે મારી પાસે આવેલા. એમણે સામાન્ય સુશિક્ષિત પણ સમજે નહીં એવા વિવિધરંગી Abstract ચિત્રો દોરેલાં. એ ચિત્રો સમજવા એસ્થેટિક્સ–રૂપપ્રદકલાનું ઊંડું જ્ઞાન જોઇએ. મેં એમને કહ્યું : તમારા ચિત્રોના પ્રદર્શનની કદર વિદેશોમાં થશે. અને થયું પણ એમ જ. પેરિસમાં એ ચિત્રોની મુક્તકંઠે પ્રશંસા થઇ.

'આવા ચિત્રોનો ખ્યાલ તમને ક્યાંથી આવ્યો?'

એમણે કહેલું : 'ભગવાન સ્વામિનારાયણના ધ્યાનયોગથી.'

યોગેશ્વરજીએ ધ્યાનયોગ શીખવી અનેકના જીવનમાં આશ્ચર્યો સર્જ્યાં છે એમાં શું આશ્ચર્ય! એમાં શું આશ્ચર્ય છે!

### સદ્ભાવભરી સહાય

અધ્યાત્મ માસિકને વાંચકો સદ્ભાવભરી સહાયની રકમ મોકલતા જ રહે છે, જો કે હવે નામવાર યાદી છાપવાનું બંધ કર્યું છે, છતાં આ સહાયની રકમ આવ્યાં જ કરે છે. પૂ. ગુરુદેવ અને પૂ. માની કૃપાનું જ એ પરિણામ છે.

૩૧ જુલાઇ '૯૨ સુધીમાં છેલ્લે મળેલી સહાયની કુલ રકમ રૂા. ૨૬૨૭/– છે. સહાય મોકલનાર સહુનો આભાર અને અભિનંદન.

— તંત્રી

## * શરણભક્તિ *

જીવનમાં ભાર જ્યાં લાગે, પ્રભુને સાદ ત્યાં દેજે!
સમર્પણની રીતે એને, પ્રભુચરણે ધરી દેજે!
હૃદય ખાલી કરી એમાં, શરણભક્તિ ભરી લેજે!
ને, પ્રભુને યોગ્ય તે કરવા, સુવિધા સર્વ તું દેજે!

## * પ્રતિપક્ષભાવના *

કોઈ તારા રાહમાં, કંટક ભલને પાથરે,
કિન્તુ, તેના રાહમાં, ફૂલપાંદડી મ્હેંકાવજે!
નિમક છાંટે કોઈ તારા ઝખ્મી દિલના ઘા પરે,
પણ, વિપતવેળા મૈત્રીનો તુજ હાથ ત્યાં લંબાવજે!

## * ક્રોધશમન *

હીણ ક્રોધ છે હિંસક પશુ, તત્કાળ ક્રૂર હુમલો કરે!
રે! ક્રોધવૃત્તિ જાગતાં—સાવધ સફાળો થઈ જજે!
થંભી ઘડીક : 'આ ક્રોધનું પરિણામ શું?'—વિચારજે!
પ્રભુનામ દઈ—આવેશની એ ઘાતને નિવારજે!

— રતિલાલ ભાવસાર



## * પરભુજી! મને... *

પરભુજી! મને પશુ કે પંખી બનાવ!
આ માનવમાંથી બચાવ!
પરભુજી! મને પશુ કે પંખી બનાવ.
સદાય હસતો માનવ થાતો
શઠતાનો અવતાર!
મખમલિયા એની મુખાકૃતિમાં
વિષમ વિષની ધાર!
સુહૃદમાં રિપુ, કૃતક ભાવે
ચલવે જીવન–નાવ! ...પરભુજી! મને.
કેવા કેવા ઠાઠઠઠારા!
ન મળે અંતરભાળ!
રાગદ્વેષ કે સુખદુઃખની
રચતો માયાવી જાળ!
નવનીતની તલવારથી કાપે
મારે પરિમલ–ઘાવ ...પરભુજી! મને.
વાઘ–સિંહ કે મેના–પોપટ
મુખભાવે પરખાય;
ભીતર–ઉપર એકરૂપતા
પ્રાણે પ્રકૃતિ જાય;
દંભ, બનાવટ રજ ના જાણે
સરલતા શી સાવ!
પરભુજી! મને માનવમાંથી બચાવ!
પરભુજી! મને પશુ કે પંખી બનાવ. ...પરભુજી! મને.

— ડો. રણજિત પટેલ (અનામી)

## * ચાલને મનવા *

ચાલને મનવા, આપણે લઈએ આ લીલા સંકેલી,
માટીની આ કાયા કેરી માયા દઈએ મેલી.
—ચાલને મનવા૦

સ્વર્ગ તજાવી સ્વર્ગવાળાએ ધરતી માથે નાખ્યા,
સંકટ સર્જી, કર્યાં પારખાં, પ્રાણ ટકાવી રાખ્યા;
તારણહાર બની આપણી નાવ કિનારે ઠેલી.
—ચાલને મનવા૦

સફળ કરી જાવા જન્મારો મેળવ્યું આતમજ્ઞાન,
સાધીને સિદ્ધિઓ, પૂરાં કર્યાં આશ–અરમાન;
સુખના માણી લીધા ફુવારા, દુઃખની ઝીલી હેલી.
—ચાલને મનવા૦

પારકા આ પરદેશે હતું ક્યાં આપણું કાયમી થાણું?
આપણા ખૂટ્યા દિવસો, આપણું થયું છે ખાલી ભાણું;
આપણે માટે હવે નકામાં મઢી, મહેલ, હવેલી.
—ચાલને મનવા૦

ધરમ–ધ્યાને કર્મો કેરું બાંધી લીધું ભાતું,
સૌના આપણે થયા છતાંયે કોઈ ન આપણું થાતું;
જેના વિયોગે વ્યાકુળ આપણે, તેડે આપણો બેલી.
—ચાલને મનવા૦

— કિસ્મત કુરેશી



## * પ્રભુજીને પ્રાર્થના *

( ગીત )

પામરતા પરહરો પ્રભુજી
પામરતા પરહરો.
ડગલે ડગલે શક્તિ આપો,
શ્વાસે શ્વાસે ભક્તિ આપો,
પરદુઃખને હું નિશદિન કાપું—
એવું ઉરમા ભરો, પ્રભુજી ...પામરતા પરહરો.
જીવનમાં ઝિંદાદિલ હૈયું
નિર્મળી દૃષ્ટિ મનડું આપો,
હરદિન પરહિત કાજે ગાળુ—
એવું જીવન કરો, પ્રભુજી ...પામરતા પરહરો.
જીવન ખાંડાધાર સમું છે
ભાવના ઊંચી, દૈવત આપો,
રાંક બનું ના, ઝૂઝું ટાચૂ—
પંગુતા મુજ હરો, પ્રભુજી ...પામરતા પરહરો.
જિંદગી મારી બંદગી હોજો
ગંદકી સઘળી ગર્વ જ કાપો,
અદનો માનવબંદો થાઉં—
આશીષ એહ ધરો, પ્રભુજી ...પામરતા પરહરો.

— મધુરમ્

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી

# એક અનોખા સંત

નારાયણ હ. જાની

"આજના વિજ્ઞાનયુગમાં પણ જો સાધના કરવામાં આવે તો ઈશ્વરના સાકાર સ્વરૂપનું પ્રત્યક્ષ દર્શન થઇ શકે છે. અમે સાકાર સ્વરૂપે ઈશ્વરને જોયો છે, તેને સ્પર્શ કર્યો છે તેની સાથે વાતચીત કરી છે, એટલું જ નહિ પરંતુ તેની કૃપા પ્રાપ્ત કરીને કોઇ પણ સમયે તેનો સંપર્ક કરી શકીએ છીએ. આ વાત અમે અમારા જાત અનુભવના આધાર ઉપર કહી છે. અમારા આ જીવનમાં મા જગદંબા અમારાં ઉપાસ્ય રહ્યાં. તે પરમ શક્તિનો પ્રત્યક્ષ સંપર્ક અમે પ્રાર્થના અને સાધનાવડે કર્યો છે."

ઉપરોક્ત શબ્દો પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના છે. એઓશ્રીના આ શબ્દોમાં વ્યક્ત થતો સ્વાનુભૂતિનો રણકો, ભાગ્યે જ કોઇ આધ્યાત્મિક પુરુષની વાણીમાં સાંભળવા મળે છે. એ જ એમની અતિ ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકાનું દર્શન કરાવે છે.

ભારતમાં હરેક કાળમાં વત્તા ઓછા પ્રમાણમાં ભક્તો, યોગીઓ કે સન્તો થતા રહ્યા છે. વેદકાળથી એ પરંપરા ચાલી આવે છે. પરંતુ કોઇ એક વ્યક્તિમાં જ્ઞાન, ભક્તિ કે યોગનો સમન્વય થયો હોય અને તેણે સ્વાનુભૂતિના આધારે સર્વોચ્ચ શિખર સર કર્યાં હોય, એવી વ્યક્તિઓ ઇતિહાસના પાનાઓ ઉપર બહુ જ અલ્પ સંખ્યામાં નોંધાયેલી જોવામાં આવે છે, જેમકે ભગવાન શંકરાચાર્ય, સંત જ્ઞાનેશ્વર કે પરમહંસ શ્રી રામકૃષ્ણદેવ.



પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી પણ જ્ઞાન, યોગ અને ભક્તિનો સમન્વય સાધી એ વિરલ ભૂમિકાએ પહોંચનાર સંત હતા. એની જાણ હજી આમ સમાજમાં બહુ થયેલ નથી, પરંતુ એનાથી એ મહાપુરુષની ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકાને તો કોઇ આંચ આવતી નથી.

ગુજરાતમાં અમદાવાદ શહેર પાસેના સાબરમતી નદીના કાંઠે આવેલું સરોડા ગામ તેઓશ્રીની જન્મભૂમિ. બ્રાહ્મણ પરિવારમાં તેઓશ્રીનો જન્મ. પિતા શ્રી મણિલાલ ભટ્ટ ખેતીનો વ્યવસાય કરે. માતા શ્રી જડાવબેન (પાછળથી મા જ્યોતિર્મયી)ના તેઓ એકના એક પુત્ર. રાશિ પ્રમાણેનું તેઓનું પૂર્વાશ્રમનું નામ ભાઇલાલ. માત્ર આઠ વર્ષની નાની વયમાં જ તેઓએ પિતાનું છત્ર ગુમાવ્યું. પરિણામે મુંબઇની એક ઓરફનેઝમાં વિદ્યાભ્યાસ માટે તેઓને મૂકવામાં આવ્યા.

અતિ રાજસી પ્રવૃત્તિઓથી ધમધમતા મુંબઇ શહેરમાં રહીને વિદ્યાભ્યાસ સાથે તેઓએ યોગ સાધ્યો. પૂર્વજન્મના મળેલા સંસ્કાર વારસાને લીધે, તેમનું અતિ સંવેદનશીલ હૃદય ભક્તિના ભાવોથી ઉભરાતું રહેતું; જ્યારે તેઓનું ચિત્ત જ્ઞાનની આરાધના કરતું. આમ જ્ઞાન, યોગ અને ભક્તિનો વિરલ સમન્વય તેઓના જીવનમાં સહજ રીતે સધાઇ ગયો. પરિણામે આ ત્રણે માર્ગે આધ્યાત્મિક અનુભૂતિઓ પ્રાપ્ત કરવા તેઓ શક્તિમાન બન્યા. આથી તેઓની વાણીમાં એક પ્રકારનું વિરલ ઓજસ વરતાતું.

પૂ. શ્રી યોગેશ્વરજીની આધ્યાત્મિક સાધનાનો પાયો ભલે મુંબઇમાં નંખાયો, પરંતુ તેનો વિકાસ તો હિમાલયની પવિત્ર ભૂમિ તેમ જ ગંગામૈયાના તટે વસેલ ઉત્તરકાશી, ટીહરી, દેવપ્રયાગ

અને ઋષિકેશ તેમ જ હરદ્વારની ભૂમિઓમાં થયો. તેઓએ મૌન રાખી, વર્ષો સુધી ભગવાન ભરોસે વિચરણ કર્યું. અનેક ઉપવાસો કર્યાં. વર્ષો સુધી રાતે લાંબા થઇને સુવાને બદલે અખંડ જાગરણ કરી, મા જગદંબાની આરાધના કરી. હૈયું વલોવી નાંખે તેવા ગદ્‌ગદ કંઠે મા જગદંબાને પ્રાર્થ્યાં. સોળ વર્ષોના એકધારા પ્રયાસોના પરિણામે તેઓ ઉપર મા જગદંબાની કૃપા ઉતરી. એક વિરલ સિદ્ધિ પ્રાપ્ત થઇ.

સાધનાકાળ દરમ્યાન તેઓએ હઠયોગની પ્રક્રિયાઓ પણ કરી. ઉપનિષદો તેમ જ યોગ અને ભક્તિના ગ્રંથોનું અધ્યયન કર્યું. એકાંતમાં રહી ચિંતન, મનન અને ધ્યાનના એકધારા અભ્યાસથી અનેક આધ્યાત્મિક સત્યોની અનુભૂતિ પ્રાપ્ત કરી. સૂક્ષ્મ જગતમાં અસ્તિત્વ ધરાવતા અનેક મહાપુરુષોનાં દર્શન પણ પામ્યા. તેમ જ દેવ–દેવીઓનાં દર્શનો તેઓને થયાં. આમ વેદકાલીન ઋષિઓની આધ્યાત્મિક પરંપરાને પોતાના અધ્યયન, તપ, ત્યાગ, પવિત્રતા અને ઈશ્વર સમર્પણથી તેઓએ સજીવ કરી, પોતાના જીવનમાં આચરી બતાવી. ભૂસાતાં જતાં આત્મિક અને આધ્યાત્મિક જીવન મૂલ્યોને તેઓએ જીવંત રાખવામાં ઘણો મોટો ફાળો આપ્યો.

વિદ્યાભ્યાસ કાળથી જ પૂ. શ્રી યોગેશ્વરજીએ પ્રભુપ્રાપ્તિને જીવનનું પ્રધાન લક્ષ્ય બનાવેલું. તેથી લગ્નજીવનમાં ન પડવાનો નિશ્ચય પણ કરી દીધેલો. અનેક પ્રલોભનો છતાં તેઓએ લગ્ન ન જ કર્યાં. તેઓ જીવનભર નૈષ્ઠિક બ્રહ્મચારી રહ્યા. તેઓ કહેતા કે જે માણસ પોતામાં ઉઠેલી વાસનાને સમજપૂર્વક શાન્ત કરી દે, તે સંત કહેવાય. પરંતુ જેના મનમાં વાસના કે વિકાર ઉઠે જ નહિ, તે ખરેખર ભગવંત છે. તેમના જીવનમાં કદી વાસના ઊઠી જ નહિ, એવું પવિત્ર એમનું મન હતું. વળી દરેક સ્ત્રીને તેઓ મા



જગદંબાનું સ્વરૂપ માનતા અને તે રીતે મનોમન પ્રણામ કરવાની તેઓએ ટેવ પાડેલી. આમ અન્યોને સતાવતી શારીરિક વાસનાનો પ્રશ્ન તેઓના પવિત્ર જીવનમાં કદી ઉઠયો જ નહિ, એ કેટલી મોટી ઈશ્વરની કૃપા ગણાય?

પોતે જીવનભર અવિવાહિત રહ્યા છતાં ગૃહસ્થાશ્રમને તેઓએ કદી ઉતરતો ગણ્યો નથી. ઉલ્ટું તેઓ કહેતા કે સમાજની સુવ્યવસ્થાનો પાયો ગૃહસ્થાશ્રમ છે, કારણ કે બીજા ત્રણ આશ્રમો તેના આધારે જ ટકે છે. આથી આપણે સારા ગૃહસ્થીઓની સૌથી વધારે આવશ્યકતા છે. વળી ગૃહસ્થાશ્રમમાં રહીને પણ ઈશ્વર પ્રાપ્તિ થઇ શકે છે. નાગ મહાશય એનું ઉત્તમ ઉદાહરણ છે.

મા સરસ્વતીની કૃપાથી બાળપણથી જ લેખનકળા તેઓને સહજ અને સ્વાભાવિક બનેલી. તેથી તેઓએ આધ્યાત્મિક ક્ષેત્રે જે જે અનુભવ્યું તે આલેખ્યું. વળી ભારતીય સંસ્કૃતિના પાયાના ગ્રંથો–ભાગવત, રામાયણ, મહાભારત, યોગદર્શન, ભગવદ્‌ગીતા, બ્રહ્મસૂત્ર વગેરેને સરલ ગુજરાતી ભાષામાં અનુવાદિત કર્યા; તેમ જ આજના યુગના સંદર્ભમાં સમજાવ્યા.

તેઓએ લખેલ પ્રધાન ગદ્ય ગ્રંથોમાં તેઓની આત્મકથા 'પ્રકાશના પંથે', ભગવાન રમણ મહર્ષિ, યોગદર્શન, મહાભારતનાં મોતી, ગીતા વિચારદર્શન, સાધના, યોગમીમાંસા બ્રહ્મસૂત્ર, ઉપનિષદનું અમૃત વગેરેનો સમાવેશ થાય છે; જ્યારે પદ્યગ્રંથોમાં ગાંધી ગૌરવ, કૃષ્ણ રૂક્ષ્મણિ, રામચરિત માનસ, તેમ જ ગીતો તથા ભજનસંગ્રહો વગેરેનો સમાવેશ કરી શકાય.

ધાર્મિક પ્રશ્નોત્તરીમાં શ્રી યોગેશ્વરજીએ સામાન્ય માનવોને મુંઝવતા પ્રશ્નોનો સમાવેશ કરી ચાર પુસ્તકો લખ્યાં છે. ધર્મનો મર્મ, ઈશ્વરદર્શન, અધ્યાત્મનો અર્ક અને ધર્મનો સાક્ષાત્કાર.

'હિમગિરિના યોગી' અને 'ભારતના આધ્યાત્મિક રહસ્યોની ખોજમાં' શ્રી યોગેશ્વરજીએ અનુવાદિત કરેલ ગ્રંથો છે.

તેઓએ પોતે સમગ્ર ભારતમાં પરિભ્રમણ કરીને ઉત્તર-ભારતનાં તીર્થો તેમ જ તીર્થયાત્રાનાં પુસ્તકો લોકોને માર્ગદર્શન પૂરું પાડવા ખૂબ મહેનત ઉઠાવી લખ્યાં છે. તેમાં દરેક તીર્થોનો પૌરાણિક ઇતિહાસ અને માહાત્મ્ય સમજાવ્યાં છે.

કોઈને સહેજે પ્રશ્ન થાય કે લગભગ સો જેટલા ગ્રંથો તેઓએ શી રીતે લખ્યા? એનો સીધો જવાબ એ છે કે લેખનને તેઓએ પોતાના આધ્યાત્મિક ઉત્થાનના કાર્યના એક ભાગ તરીકે સ્વીકારેલ. આથી આ લેખનયજ્ઞ તેઓ અપવાદ સિવાય રોજ ત્રણ કલાક કરતા.

શ્રી યોગેશ્વરજીએ મા જગદંબાની પ્રેરણા પ્રમાણે લોકહિતાર્થે જે પ્રવૃત્તિ જીવનનાં પાછલાં પચ્ચીસ વર્ષોમાં કરી, તેમાં લેખન ઉપરાંત, ધાર્મિક પ્રવચનો, ધ્યાનકેન્દ્રોની સ્થાપના તેમ જ વાર્ષિક ધ્યાન–સાધના શિબિરોનું આયોજન ગણાવી શકાય. વૈચારિક જાગૃતિ અને સાચી આધ્યાત્મિક સમજ–જનસમાજમાં ફેલાવવા માટે સને ૧૯૭૯ માં તેઓએ સંસ્થાપેલ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના ઉપાશ્રયે 'અધ્યાત્મ' માસિક પણ શરું કર્યું.

ધાર્મિક પ્રવચનો દ્વારા તેઓએ એકલે હાથે ભારતમાં અને ઇંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા, ઝાંબિયા અને સાઉથ આફ્રિકાના દેશોની–વિદેશયાત્રાઓ પણ ખેડી, તેમ જ ભૂલાતી જતી પ્રાચીન ભારતીય સંસ્કૃતિને સાચી રીતે સમજાવી; આ દેશનું ગૌરવ વધાર્યું જીવનભર તેઓ પરિવ્રાજક રહ્યા. પહેલાં સાધનાકાળમાં અને પાછળથી આધ્યાત્મિકતાના પ્રચાર અને પ્રસાર માટે. પ્રભુની કૃપા વિના આ શી રીતે શક્ય બની શકે?



શ્રી યોગેશ્વરજીની સાધનાત્મક ક્ષેત્રે અનેક વિશેષતાઓ રહી. કોઈપણ દેહધારી ગુરુની દોરવણી સિવાય તેઓએ યોગ, જ્ઞાન અને ભક્તિ માર્ગનાં સર્વોચ્ચ શિખરો સર કર્યાં. આમ છતાં બીજાઓએ આધ્યાત્મિક માર્ગમાં ગુરુ ન કરવા એવી સલાહ તેઓએ કદી ન આપી. વળી જે સાધકોને તેમનામાં ગુરુભાવ જાગ્યો તેને તેઓએ પાત્રતા જોઈ, મંત્રદીક્ષા પણ આપી.

તેઓએ પોતે કદી ભગવાં વસ્ત્રો ધારણ ન કર્યાં, હંમેશ સફેદ ખાદીનાં વસ્ત્રો પહેરતા. આમ છતાં તેઓ ભગવાં વસ્ત્રધારી વ્યક્તિઓનો સદા આદર કરતા. પોતાના પ્રવચનોમાં આવતા સન્યાસીઓને તેઓ અલગ આદરણીય બેઠક આપતા. તેઓ હંમેશાં કહેતા, "કેવળ કપડું બદલવાથી ત્યાગી થઈ જવાતું નથી. જે બદલવાનું છે તે તો મન જ છે. એટલે જેઓ મન બદલ્યા સિવાય કેવળ કપડાં બદલે છે, તેઓ સાચા ત્યાગી ન પણ હોય."

આધ્યાત્મિક ક્ષેત્રે પ્રગતિ સાધવા માટે માતાપિતા કે પરિવારનો પરિત્યાગ અનિવાર્ય છે, એમ તેઓ કદી ન માનતા. ત્યાગી હોવા છતાં સાધનાકાળમાં અને તે પછી પણ પોતાના વિધવા માતાને સાથે જ રાખ્યાં. દેશ–વિદેશોનાં વિચરણોમાં પણ. માતૃભક્ત સંત તરીકે **मातृदेवो भव**નું સૂત્ર તેઓએ પોતાના જીવનમાં પ્રત્યક્ષ આચરી બતાવ્યું.

ભારતીય આધ્યાત્મિક પરંપરા પ્રમાણે શ્રી યોગેશ્વરજીએ પોતાના આત્મિક જ્ઞાનને આજીવિકાનું કે ધન–ઉપાર્જનનું સાધન ન બનાવ્યું. ફંડફાળા ન ઉઘરાવ્યા કે આશ્રમોની સ્થાપના ન કરી. વિદેશોમાં પોતાનાં પ્રવચનો માટે કદી પ્રવેશ ફી ન રાખવા દીધી. છતાં સંપન્ન લોકો સ્વેચ્છાપૂર્વક જે આપતા તેનો સ્વીકાર પણ ખૂબ વિવેક–પૂર્વક કરતા.

તેઓના જીવનની સર્વશ્રેષ્ઠ વિશેષતાઓ એ ગણાવી શકાય કે તેઓનું મન જીવનની હરપળે પ્રભુ સાથે જોડાયેલું રહેતું અને વિવેકની દુનિયામાં તેઓની સદૈવ જાગૃતિ રહેતી. પરિણામે વ્યાવહારિક દુનિયામાં ગાફેલ રહેવાનો કે સ્ખલન થવાનો કોઇ પ્રશ્ન જ ઊભો ન થતો. તેઓનું મન અતિ પવિત્ર હતું, તેઓ ખૂબ પ્રેમાળ ને સંવેદનશીલ હોવા છતાં, તેઓના વ્યવહારમાં સંયમશીલતાનાં સદૈવ દર્શન થતાં.

ભારતીય પોષાકને તેઓ મર્યાદા જાળવણી માટેનું સારું સાધન માનતા, તેથી વિદેશોની યાત્રાઓ દરમ્યાન પણ તેનો પરિત્યાગ એ મહાપુરુષે કદી ન કર્યો. તેઓ સદા સાદાઇ, સ્વચ્છતા ને નિયમિતતાના આગ્રહી હતા. સુંદર અને શ્રેષ્ઠ જીવન માટે જે જે સદ્દગુણોની આવશ્યકતા ગણાય, તે સર્વનું દર્શન શ્રી યોગેશ્વરજીમાં થતું. આમ એક વિરલ આદર્શ માનવ તરીકે પણ તેઓ અલગ તરી આવતા. સુંદરતાના સદા ઉપાસક છતાં ત્યાગી, વિવેકી શાંતસ્વરૂપ—એવા વિરલ સંત મહાત્મા યોગેશ્વરજી.

તેઓના ઉપદેશોનો સંક્ષેપમાં સારભાગ નીચે પ્રમાણે છેઃ—

૧. પ્રભુપ્રાપ્તિ માટે દરેક વ્યક્તિએ સંસાર ત્યાગવાની જરૂર નથી. માણસ જ્યાં પણ હોય ત્યાં આદર્શ માનવ બની, પોતાનું કર્તવ્ય બજાવતો રહે, તે ખૂબ જરૂરી છે.

૨. દરરોજ સવારે અને સાંજે નિયત સમયે પ્રભુનું સ્મરણ કરો. એમ કરવાથી પ્રભુ સાથે તમારો સંબંધ બંધાશે.

૩. વ્યસન વગરનું સાદું, પવિત્ર અને પરોપકારી જીવન જીવો.

૪. સાધકને પોતાની જાતમાં, પોતાના ગુરુમાં, મંત્રમાં અને



ઈશ્વરમાં શ્રદ્ધા હોવી જરૂરી છે. શ્રદ્ધા વગર આધ્યાત્મિક ક્ષેત્રે પ્રગતિ શક્ય નથી.

૫. તમે ગમે તે ધર્મ કે સંપ્રદાયમાં શ્રદ્ધા ધરાવતા હો, તો તેને પ્રેમપૂર્વક વળગી રહો. કારણ આખરે બધા જ ધર્મો એક પ્રભુને જઇ મળે છે.

૬. સાધકે કપડું નહિ, પણ મન બદલવાની જરૂર છે.

૭. પરોપકારની સહજ રીતે પ્રાપ્ત થતી તકો ઝડપી લઇ પરોપકાર કરતા રહો. સૃષ્ટિના સર્વ જીવો પ્રત્યે પ્રેમ અને દયા રાખો. એક માનવ તરીકે આ તમારું સહજ કર્તવ્ય છે.

૮. ભાવ વગરની ભક્તિ જલ્દી ફળતી નથી.

૯. જપ, ધ્યાન કે પ્રાર્થના જે કંઇ કરો તે ખૂબ ભાવપૂર્વક કરો.

૧૦. મનુષ્ય શરીરનો દેવદુર્લભ અવસર એળે ના ગુમાવી દેતા.

૧૧. સારાં પુસ્તકો ને સારા મિત્રોની હંમેશ સોબત રાખો.

આ ઉપદેશોનું થોડું પણ આચરણ જે કોઇ જીવનમાં કરશે તેને શાન્તિની પ્રાપ્તિ અવશ્ય થશે, સાત્ત્વિક સુખ મળશે.

૫. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ પોતાના જીવનના પાછલા પાંચ વર્ષોમાં જે મહત્ત્વનું કામ કર્યું, તે પૂ. મા શ્રી સર્વેશ્વરીના દિવ્ય અને ભગવતી સ્વરૂપનો પરિચય કરાવવાનું. પોતે શરુ કરેલ આધ્યાત્મિક જાગૃતિના યુગકાર્યને આગળ ધપાવવા પોતાના હયાતી કાળ દરમ્યાન જ પૂ. માનો પરિચય પોતાના આધ્યાત્મિક વારસ તરીકે સાધકોને કરાવ્યો. વળી તેઓના ભગવતી સ્વરૂપને

લોકો યથાર્થ રીતે ઓળખે તે માટે પોતાના હસ્તાક્ષરોમાં–"મા સર્વેશ્વરી એક પરિચય' લખતા ગયા. શ્રી યોગેશ્વરજીની આજની દુનિયાને આ સૌથી મોટામાં મોટી ભેટ છે, એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. એવાં પૂ. માને આપણે ઓળખીએ અને લાભાન્વિ થઈએ, એજ એક માત્ર આશય પૂ. શ્રીનો આ પુસ્તક લખવા પાછળનો છે, કારણ કે તેઓ આર્ષદૃષ્ટા હતા એટલે પૂ. માની આત્મિક ઉચ્ચત્તાને તેમ જ ભવિષ્યમાં તેઓનાં હાથે થનાર કામોને જોઇ શકેલા.

●


**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

" સ્વર્ગારોહણ "

માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯

(ઉ. ગુ.) ૩૮૫૧૧૦




# ગુરુપૂર્ણિમાની ઉજવણી

૧. આ વર્ષે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી ગુરુપૂર્ણિમાના પર્વ ઉપર ઇંગ્લેન્ડના રગ્બી શહેરમાં હતાં. ત્યાંના કલ્યાણ પ્રાર્થના મંદિરમાં રગ્બીના સાધક ભાઇબહેનોએ પૂ. માની હાજરીમાં પૂ. શ્રી યોગેશ્વરજીના સ્વરૂપનું પૂજન કરી, ગુરુપૂર્ણિમા સરસ રીતે ઉજવી.

આ પહેલાં પૂ. માએ રગ્બીના સાધક ભાઇબહેનોને પૂ. યોગેશ્વરજી રચિત ગુજરાતી રામચરિત માનસના સમૂહગાનનો લાભ નવ દિવસ આપી, વિદેશની ધરતી ઉપર સંતૃપ્ત કર્યાં. આમ વિદેશમાં વસતાં ભાઇબહેનોને જીવનમાં પહેલીવાર આવો લહાવો મળ્યો.

* * *

૨. વડોદરામાં પણ શ્રી વિજયસિંહ રાણા દંપતીને ત્યાં ગુરુપૂર્ણિમાના મંગલ પર્વઉપર ગુરુપૂજનનો કાર્યક્રમ યોજાયો. તે પ્રસંગે સમૂહ પૂજન, ઉપરાંત પૂ. ગુરુદેવનું ટોરોન્ટોની વિડિયો ટેપ પ્રવચન સાધકોએ નિહાળ્યું. આ પ્રસંગે પ્રા. ડૉ. અરુણોદય જાનીએ પણ ઉપસ્થિત રહી, ગુરુ પરંપરા, પૂ. યોગેશ્વરજી અને પૂ. મા શ્રી સર્વેશ્વરી જેવા આદરણીય સંતોના મહિમાનું દર્શન કરાવ્યું. બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો.

* * *

૩. સુરતમાં પણ શ્રી રમેશભાઇ પટેલને ત્યાં સમૂહમાં શ્રી યોગેશ્વર પરિવારના ભાઇ બહેનોએ ગુરુપૂજન કરી, ગુરુપૂર્ણિમાની ઉજવણી કરી. સુરતની સોરઠિયા વાડીમાં પણ ત્યાંના ભાઇઓએ ગુરુપૂર્ણિમા સરસ રીતે ઉજવી.

૪. અમદાવાદમાં સત્યપથ ખાતે ત્યાંના સાધક ભાઇ બહેનોએ સમૂહમાં શ્રી બાબુભાઇ વોરાની આગેવાની નીચે ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી કરી. સમૂહ પૂજન, પૂ. યોગેશ્વરજી અને પૂ. માની બાવની અને ભજન-ધૂન ઉપરાંત પૂ. શ્રીનું ટેપ પ્રવચન પણ રાખવામાં આવેલ. સારી સંખ્યામાં સાધક ભાઇબહેનો ઉપસ્થિત રહ્યા.

શ્રીપદ્મનાભ કપિલદેવ અગ્નિહોત્રીએ સહુને ગુરુપૂજન કરાવ્યું.

* * *

૫ ભાવનગરમાં પણ પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના તથા પૂ. મા શ્રી સર્વેશ્વરીના સ્વરૂપોનું પૂજન શ્રી નારાયણભાઇ જાનીને ત્યાં કરવામાં આવ્યું. પ્રાર્થના, ભજન અને ધૂન ઉપરાંત પૂ. શ્રી યોગેશ્વરજીના "ૐકારની ઉપાસના ઉપરનું" ટેપ પ્રવચન પણ સહુએ માણ્યું.

ગુરુપૂર્ણિમા નિમિત્તે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના રુબીથી મળેલ આશીર્વચનોની જાણ સહુને કરવામાં આવી. ●

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.



## દર રવિવારે સત્યપથમાં દર્શન થઇ શકશે

પ. પૂ. શ્રી યોગેશ્વરજીએ અમદાવાદ ખાતેના સકલ એપાર્ટમેન્ટમાં સત્યપથ ખાતે મા શ્રી સર્વેશ્વરી સાથે જીવનના છેલ્લા થોડા દિવસો નિવાસ કરી, એ સ્થાનને તીર્થરૂપ બનાવ્યું. પૂ. શ્રીની ભૌતિક વિદાય પછી પૂ. મા શ્રી સર્વેશ્વરીએ એ આવાસને એક સુંદર મંદિરની રચના વડે, પૂ. શ્રીના કાયમી સ્મારક તરીકે સજાવ્યું. તેને સાચા અર્થમાં તીર્થ બનાવ્યું.

હવે પૂ. મા ભારતમાં હોય કે ન હોય, પરંતુ આ સત્યપથનું તીર્થ પૂ. માની સૂચના મુજબ ભાવિક દર્શનાર્થીઓ માટે દર રવિવારે સવારે ૧૦ થી ૧૨ ખુલ્લુ રહેશે. સહુ ભાઇ બહેનોને આની નોંધ લઇ, લાભ લેવા વિનંતિ છે.

તંત્રી અધ્યાત્મ

### સુવાક્ય

વાસનાઓની પૂર્ણ નિવૃત્તિ વિના શાંતિ નથી. પણ નિવૃત્તિ સાચા અર્થમાં શક્ય નથી. વાસના મનુષ્ય વિકાસમાં બાધક પણ નથી. ફક્ત તેનું રૂપાંતર કરવું ઘટે છે. જે જાગ્યા છે ને જેના હૃદયમાં દૈવી ને આસુરી સંપત્તિનો સંઘર્ષ શરૂ થયો છે, તે બડભાગી છે. કેમકે આજે નહિ તો કાલે પણ વાસનાને પૂર્ણ પવિત્ર કરી તે કૃતહૃદય બનશે. પણ કમભાગી તો તે છે જેને જાગૃતિ નથી ને સાંપ્રત સ્થિતિને જ જે સર્વસ્વ માને છે. આ લોકોને શાંતિનો સાચો ખ્યાલ જ નથી.

# યોગિની

મૂળ લેખક : વિશ્વવંદ્ય
સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

ગુજરાતી સાહિત્યમાં ઉત્તમ આધ્યાત્મિક નવલકથાઓ પૈકી "યોગિની કુમારી" એક છે. તેમાં અધ્યાત્મ સંબંધી જ્ઞાન, ગુરુ પ્રત્યેની અટલ શ્રદ્ધા, યૌગિક શક્તિઓનું દર્શન ઉપરાંત દાંપત્ય જીવનને સ્પર્શતા સુંદર પાસાંઓની છણાવટ કરવામાં આવી છે.

'અધ્યાત્મ' માટે જે વિષયની પસંદગી કરવામાં આવી છે તે માટે થોડો પૂર્વ વૃત્તાંત જાણવો જરૂરી હોઇ, સંક્ષિપ્તમાં તે રજૂ કરેલ છે.

મણિધરરાય નામે એક ડોક્ટર છે. તેઓ ડોક્ટરીના વધુ અભ્યાસાર્થે પરદેશ જઇ આવેલ છે. પરિણામે પશ્ચિમના સંસ્કારોથી રંગાયેલ છે. માંસાહાર તથા મદિરાના હિમાયતી છે. ભારરતીય સંસ્કૃતિમાં તેમને વિશ્વાસ નથી. તેથી તે સંસ્કૃતિના તેઓ વિરોધી છે.

એક નગરમાં તેમનું દવાખાનું છે. દવાખાનાની ઉપર જ તેમનું રહેણાંક છે. વર્ષાઋતુનો સમય છે. ડોક્ટર રાત્રે આરામ–ખુરશીમાં બેસી સમાચાર પત્ર વાંચી રહ્યા છે. તે જ અરસામાં એક દશ અગિયાર વર્ષની અપ્રતિમ સૌંદર્ય ધરાવતી બાળા આવે છે અને ડોક્ટરને પોતાના ગુરુ બિમાર હોઇ, તેની સાથે આવવા કહે છે. ડોક્ટરની ઇચ્છા મુશળધાર વરસાદ અને વાવાઝોડામાં જવાની નથી. તેથી આ બાળાને યેનકેન પ્રકારે ટાળવા મથે છે. અંતે તે કુમારિકા સ્પષ્ટતા કરે છે કે બિમાર કોઇ



જ નથી. પરંતુ મારા ગુરુએ આપને કોઇ ખાસ કારણથી બોલાવેલ છે. ડોક્ટર કચવાટે મને તૈયાર થાય છે.

વરસતા વરસાદમાં ડોક્ટર તે કુમારિકાની પાછળ પાછળ જાય છે. કોઇ કોઇ વાર તે ઘણી આગળ નીકળી જાય છે. આવા ભયંકર તોફાનમાં પણ અંધારી રાતે નિર્ભયતાથી તે ચાલી જાય છે. ડોક્ટર વીજળીના પ્રકાશમાં તેની પાછળ પાછળ જાય છે. અંતે નગરને છેક છેડે અતિ બિહામણું કહી શકાય તેવા એક મકાનમાં તેઓ પ્રવેશે છે.

તે કુમારિકાના કહેવાતા ગુરુ એક સમર્થ યોગી છે. તેમનું નામ સૂરેશ્વરાચાર્ય છે. તેમણે દેશ–વિદેશમાં પરિભ્રમણ કરી તિબેટમાં વસતા એક યોગી પાસેથી રસસિદ્ધિનું જ્ઞાન સંપાદન કરેલ છે. પરિણામે તે હીરા, માણેક, મોતી, ઝર, ઝવેરાત ઉપરાંત અઢળક રોકડ સંપત્તિ ધરાવે છે. સોનું બનાવવાની વિદ્યા પણ તે જાણે છે.

તેઓ ડોક્ટર મણિધરરાયને સંબોધીને કહે છે કે પોતે પોતાનો પાર્થિવ દેહ છોડી દેવા ઇચ્છે છે. તે પહેલાં કુમારિકા યોગિનીનું લગ્ન મણિધરરાય સાથે કરી નાંખવા ઇચ્છે છે. તે માટે પ્રથમ યોગિનીની સંમતિ લે છે. તે બાળા પોતાના પાલક અને ગુરુમાં અટલ શ્રદ્ધા ધરાવે છે અને મણિધરરાય સાથે લગ્ન કરવા સંમત થાય છે. બીજી બાજુ મણિધરરાય આ મકાનમાં અને ચિત્ર–વિચિત્ર બનાવોમાંથી પસાર થયેલ છે. તેઓ સૂરેશ્વરાચાર્યનાં વ્યક્તિત્વથી અંજાઇ ગયેલ છે તેથી અને યોગિની જેવી સર્વ ગુણસંપન્ન, સુશીલ, અને અતિ સુંદર બાળા તરફનું આકર્ષણ હોવાથી, તેઓ યોગી સૂરેશ્વરાચાર્યને લગ્ન સંબંધી મૂક સંમતિ આપે છે. સૂરેશ્વરાચાર્ય પોતાની યૌગિક શક્તિથી અગ્નિ પ્રગટ કરે

છે અને શાસ્ત્રના પવિત્ર મંત્રોચ્ચાર સાથે બંનેનું લગ્ન કરે છે. ઉપરાંત અગાઉથી તૈયાર કરી રાખેલ કાગળમાં "બંને સમજપૂર્વક લગ્નગ્રંથિથી જોડાયેલ છે." તેવી જાતનાં લખાણમાં બંનેની સહી લે છે. યોગી સૂરેશ્વરાચાર્ય મણિધરરાયને તેમ પણ જણાવે છે કે યોગ્ય સમયે હું આપને ત્યાં પુત્રીરૂપે જન્મ પામીશ. ત્યારબાદ યથાયોગ્ય સૂચનો આપી શ્રી સૂરેશ્વરાચાર્ય પોતાના પાર્થિવ તનુનો ત્યાગ કરે છે. યોગિની પોતાના પાલક એવા ગુરુના પાર્થિવ દેહના ત્યાગથી ખિન્ન થાય છે. મણિધરરાય રાતોરાત અઢળક સંપત્તિનો માલિક બની જાય છે.

રાત્રિ પસાર થઇ જવા આવી છે. સવાર થતાં પહેલાં આ મકાનની સર્વ સંપત્તિ લઇ આ મકાન છોડી જવા યોગિની મણિધરરાયને સૂચન કરે છે. મણિધરરાય એક ગાડું ભાડે કરી આવે છે અને યોગિનીની સલાહ મુજબ સર્વ સંપત્તિ ગાડામાં ભરી યોગિની સાથે પોતાના ઘરે આવે છે. અનેક ચિત્ર–વિચિત્ર પ્રસંગો વચ્ચે નાટકીય રીતે સર્વ બનાવો બન્યા હોય છે. રાતોરાત ગુપ્તતાથી થયેલા પોતાના લગ્નથી યોગિનીને પોતાની પત્ની તરીકે જાહેર કરતા મણિધરરાય ઘણી મુંઝવણ અનુભવે છે.

આખી રાતનો ઉજાગરો છે. થાક તથા ભૂખ પણ લાગેલ છે. યોગિની અને મણિધરરાય સ્નાનાદિથી પરવારે છે. ભૂખ સંતોષવા માટે મણિધરરાય ટેબલ ઉપર ડિશમાં બિસ્કીટ મૂકે છે. દૂધના કપમાં, પરદેશથી મંગાવેલ માંસ કે ઇંડામાંથી તૈયાર કરેલ, પોતે જેને શક્તિદાયી અને સ્ફૂર્તિદાયી સત્ત્વ માને છે તે નાંખી યોગિનીને ડોક્ટર આપે છે અને પોતે પણ ભૂખને સંતોષવા બિસ્કીટ તથા દૂધનો નાસ્તો કરવો શરૂ કરે છે. યોગિની કાંઇ ખાતી કે દૂધ પીતી નથી. તે તરફ ડોક્ટરનું ધ્યાન જાય છે. પોતે



ગુરુઆજ્ઞા શિરપર ચડાવી જે તરુણ સાથે લગ્ન કરેલ છે તે માંસાહારી પણ છે તે જાણી યોગિની દુઃખી થાય છે. તે સંબંધે મણિધરરાય અને યોગિની વચ્ચે માંસાહાર સંબંધી જે વાર્તાલાપ થાય છે, ગુરુકૃપાથી તે વિષે યોગિનીમાં જે સંસ્કારો દૃઢ થયા છે તે રજૂ કરવાનો અહીં નમ્ર પ્રયાસ કરેલ છે.

યોગિની મણિધરરાયને સંબોધીને કહે છેઃ–પશુ તથા પક્ષીઓ આપણાં ભાઇબહેન છે, અને તેથી કરીને જેઓ માંસભક્ષણ કરે છે તેઓ પોતાના ભાઇ બહેનોનો જ આહાર કરે છે, એવો ગુરુનો અભિપ્રાય હતો. આહારના અસંખ્ય પદાર્થો પરમેશ્વરે આ જગતમાં રચેલા હોવા છતાં અને તેથી સર્વોત્તમ પ્રકારનું પોષણ મળતું હોવા છતાં, જેઓ પોષણને બહાને પોતાના ભાઇબહેન જે પશુ તથા પક્ષીઓ છે, તેમને મારી નાંખે છે, તેઓ અધમ રાક્ષસો છે, એમ ગુરુ ઘણે પ્રસંગે કહેતા.

પશુઓ તથા પક્ષીઓ આપણા કરતાં નિર્બળ તથા ઓછી અક્કલવાળાં છે, તેથી આપણે તેમને મારી નાંખવાં તથા આહાર માટે તેમનો ઉપયોગ કરવો એ જો યોગ્ય ગણાય. તો વધારે બળ અને બુદ્ધિવાળાં મનુષ્યોએ ઓછા બળ અને બુદ્ધિવાળાં મનુષ્યોનો આહાર કરવો એ પણ યોગ્ય જ ગણાય! એવો તર્ક શું ના થઇ શકે?

મનુષ્યોનો આહાર કરનારને સર્વ સમજુ મનુષ્યો કેવળ જંગલી અને ઘોર કર્મ કરનાર અઘોરી જ ગણે છે. પશુ–પક્ષીનો આહાર કરનાર પણ જંગલી અને અઘોરી જ છે. વધારે બળવાળાએ ઓછા બળવાળાને મારી ખાવું એ પશુ સ્વભાવ છે, અને મનુષ્ય જેવું બુદ્ધિમાન પ્રાણી જે પશુમાંથી ક્રમે ક્રમે ઊંચી સ્થિતિમાં આવ્યું છે, તેણે પાછા પોતાના પશુસ્વભાવમાં જવું, એ કેવળ અયોગ્ય છે..

આ બધા મનુષ્યો જે આપણે જોઇએ છીએ તે મૂળથી જ કંઇ મનુષ્ય ન હતા, તેમાંના ઘણાં પૂર્વે કોઇ જન્મમાં પશુ હતાં, તો કોઇ જન્મમાં પક્ષી હતાં. આજે તમે તથા હું માણસના રૂપમાં છીએ, કોઇ એવો પણ વખત હતો કે જ્યારે તમે તથા હું કોઇ પશુના અથવા પક્ષીના રૂપમાં હતાં તેમ હવે પછી કોઇ એવો પણ વખત આવે કે જ્યારે આપણે માણસના રૂપમાં ન હોઇએ, પણ પશુ તથા પક્ષીના રૂપમાં હોઇએ.

માણસ, પશુ, પક્ષી, જતુંઓ, દેવો વગેરે સર્વનાં શરીર એ જીવોને રહેવાનાં ચઢતા ઉતરતા પ્રકારનાં ઘર છે, અને મહેલમાં રહેતો રાજા, ઘરમાં રહેતો ગૃહસ્થ અને ઝૂંપડામાં રહેતો રંક મનુષ્ય જેમ માણસરૂપે સરખા છે, મહેલમાં રહેવાથી રાજા, ઘરમાં રહેતા કે ઝૂંપડીમાં રહેતા ગરીબ માણસથી માણસપણામાં ચઢતો નથી, તેમ મનુષ્ય શરીરમાં રહેતા આપણે ઊંચા શરીરમાં રહેવાથી, પશુશરીરમાં રહેતા પશુઓથી ચઢિયાતા નથી, પણ જીવરૂપે સરખા જ છીએ.

મહેલમાં રહેતા રાજાને જેમ પોતાનો મહેલ જેટલો પ્રિય છે, તેટલું જ ઝૂંપડીમાં રહેતા ગરીબને પોતાનું ઝૂંપડું પણ પ્રિય છે. મહેલનો નાશ કરવાથી રાજાને જેટલું દુઃખ થાય તેટલુંજ દુઃખ ગરીબનું ઝૂંપડું તોડવાથી ગરીબનેય થાય છે. મનુષ્યને જેમ પોતાનું શરીર નાશ થતાં દુઃખ થાય છે તેમ એક કીડીને પણ પોતાનું શરીર નાશ થતાં દુઃખ થાય છે, અને કીડીના કે પશુના શરીરમાં રહેતો જીવ, અને મનુષ્યના શરીરમાં રહેતો જીવ, યોગ્ય વિચારથી સરખા હોવાથી કીડીને કે પશુને મારી નાંખવું, એ પોતાના ભાઇબહેનને મારી નાંખવા બરાબર છે. □



## * પરમ રહસ્ય *

'સાવ ધીમે એક ઉતાવળ મને સ્પર્શ્યા કરે,
ક્ષણ સદીના વ્યાપને હળવેકથી કોર્યા કરે,
એ જ છે કુદરત કરામત એ જ છે એની સકળ;
મિથ્યા બધું લાગે છતાં પણ ચાહના ચાલ્યા કરે.'

## * માન્યતા *

'કોઇ એક જ વાત પર આ મુલ્કનો રિવાજ છે,
પ્રેમનું છે નામ કેવળ પ્રેમનો અંદાજ છે,
સ્વચ્છંદતા આરૂઢ છે ને અશ્વ મુક્તિનો ફરે;
રામના સિતાર પર લંકેશનો રિયાઝ છે!'

## * વૈફલ્ય *

'સૂત્રતા તૂટી સરળતા પણ તૂટી છે,
માનવી છે એ જ, માનવતા ખૂટી છે,
હાથમાં કંઇ પણ હવે ના આવશે;
નોળિયા ને સર્પની આંટી-ઘૂંટી છે!'

— બળવંત ઓઝા (સફર)

# રામકથા

( ગતાંકથી ચાલુ) **યોગેશ્વરજી**

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

અશોકવાટિકામાં એકલી પડેલી સીતાના દિવસો અતિશય વેદના અને પીડામાં પસાર થઇ રહ્યા હતા. એને લગાર પણ ચેન નહોતું પડતું. એની આંખ અવારનવાર ઉભરાયા કરતી અને ઊંડા અનુકંપા ઉપજાવે એવા નિશ્વાસ નાખતી. એ આટલે દૂર એકલી હતી એ વાતની વેદના એને એટલી બધી નહોતી થતી. એટલે દૂર, અપરિચિત પ્રદેશમાં પણ એ રામની પાસે રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરી શકી હોત તો એનો પ્રાણ પરમ પ્રસન્ન કે પુલકિત થાત અને એટલું ના લાગત. પરંતુ એની મોટામાં મોટી ચિંતા ને વેદના એ હતી કે, એ પોતાના પ્રાણાધાર, પ્રિયતમ, દશરથનંદન, હૃદયાભિરામ, રામથી દૂર હતી. એ પીડા એના કોમળ કાળજાને કઠોર બનીને કોરી ખાતી.

રામની સાથે પોતાને નરકમાં રહેવાનું થાય તો પણ એ નરક સ્વર્ગમય બની જાય, અને એથી ઊલટું રામ સિવાયનું સ્વર્ગ પણ નરકમાં પરિવર્તિત થાય, એવી એની સમજ હતી.

અને એટલા માટે તો રામના અખંડ સહવાસની આકાંક્ષા રાખતી.

પરંતુ આ જગતમાં જે કાંઇ બને છે બધું તે માનવની આકાંક્ષાને અનુરૂપ ક્યાં બને છે?

માનવ ઇચ્છે છે, ચાહે છે કે ઝંખે છે કાંઇક અને બને છે કાંઇક જુદુંજ.

માગે છે કાંઇક અને આવી મળે છે કાંઇક બીજું જ.

યોજના ઘડે છે એક જાતની ને સાકાર બને છે એથી ઊલટું જ.



કોઇક અદ્‌ભુત અસાધારણ શક્તિના હાથમાં પરવશ બનીને એ કઠપૂતળીની જેમ રમ્યા કરે છે.

એ શક્તિને વિધિ કહો, પોતાના કરેલા કર્મોનું પરિણામ કહો, જગન્નિયંતા કહો, કે બીજું ગમે તે નામ આપો, પરંતુ તે છે અને માનવ કરતાં મહાન તથા સર્વોપરિ છે, ને માનવના જીવન ક્રમ પર શાસન કરે છે, એ વાત નિર્વિવાદ છે.

સીતા પોતાના જીવનમાં આકસ્મિક પરિવર્તનમાં એ અસામાન્ય શક્તિના દોરીસંચારનો અનુભવ કરવા લાગી.

એને થયું કે એવું કયું કુકર્મ પોતાને પોતાના હૃદયાભિરામ રામથી અલગ કરીને આટલે દૂર ખેંચી લાવ્યું છે?

પોતાના એ કુકર્મને તથા ભાગ્યને દોષ દઇને અને સુવર્ણમૃગને દેખીને ભરમાઇ ગયેલી પોતાની બુદ્ધિ તથા વૃત્તિને માટે પશ્ચાત્તાપ કરીને એ અવારનવાર આંસુ સારવા લાગી.

આજે પણ એના મનમાં એજ વિચાર પેદા થયો કે લક્ષ્મણની વારંવારની વિરોધી સૂચના છતાં સુવર્ણમૃગને જોઇને પોતે શા માટે મોહિત થઇ? રામની આગળ એને પકડવાની હઠ એ શા માટે કરી બેઠી? રામે પણ પોતાની હઠને પૂરી કરવા તરત જ તૈયારી કરી, એમણે લક્ષ્મણની જેમ એની ઇચ્છાને તિલાંજલિ આપવા એને શા માટે ના સમજાવી? રામ એની આકાંક્ષાને સંતોષવાના આશયથી ધનુષ્યબાણ લઇને એ અતિશય આકર્ષક સુંદર સુવર્ણમૃગની પાછળ ઘોર અરણ્યમાં જવા તૈયાર જ ના થાત તો? તો પોતાના અપહરણની ઘટના બની શકત ખરી?

રામના વનમાં વિદાય થયા પછી પણ લક્ષ્મણની છત્રછાયા નીચે પોતે સલામત હતી, પરંતુ લક્ષ્મણની અનિચ્છા છતાં પોતે એને અનુચિત વિવેક વગરનાં, વચનો કહીને રામની રક્ષા માટે રામની પાછળ મોકલ્યો. એ પણ ઉતાવળે કરેલી એક બીજી મોટી ભૂલ જ થઇ.

એ વખતે પણ પોતાની બુદ્ધિ ભરમાઇ ગઇ ને ભ્રાંત થઇ.

લક્ષ્મણનાં વચનોમાં પોતે વિશ્વાસ ના રાખ્યો.

જો લક્ષ્મણ હાજર હોત તો રાવણની કે બીજા કોઇની આશ્રમમાં આવવાની હિંમત ન જ ચાલત.

એ પોતાની રક્ષા જરૂર કરત અને જાનના જોખમે પણ કરત.

પરંતુ રામને એની આવશ્યકતા છે એવું લાગવાથી મેં એમને અરણ્યમાં મોકલી દીધા.

રાવણે મારું અપહરણ કર્યું ત્યારે જ મને ખબર પડી કે એ તો મને બળજબરીથી હાથ કરવાનું કાવતરું હતું.

પહેલેથી એવી ખબર હોત કે એની સહેજ પણ ગંધ આવી હોત, તો હું રામ તથા લક્ષ્મણને વનમાં જવા દેત ખરી?

જવા દેત તો પણ હું એમની સાથે જાત.

પરંતુ હવે શું? હવે એવા વિચારો કરવાથી શો ફાયદો?

પોતાની ભૂલ થઇ એમાં લેશ પણ શંકા નથી, અને એ ભૂલની ભોગ બનીને પોતે રાવણના હાથમાં જઇ પડી, અને અત્યારે આ અશોકવાટિકામાં શ્વાસ લઇ રહી છે! અશોકવાટિકા એને માટે શોકવાટિકા બની ગઇ છે! રામ વિનાનું જીવન કેટલું બધું અસહાય, અનાથ અને આનંદરહિત તથા વિષમય છે! આવું જીવન લાંબા વખત સુધી કેવી રીતે જીવી શકાય? આવા જીવન કરતાં તો મરણ ભલું, પરંતુ મરણ પણ મનુષ્યની મરજી મુજબ ક્યાં આવે છે? જે ઇચ્છે છે એને એ ભાગ્યે જ મળે છે અને જે નથી ઇચ્છતા એની આગળ આવી પહોંચે છે. જીવનની પેઠે મરણની ગતિ પણ ઘણી ગહન છે. મારા ભાગ્યમાં જીવનનો ઉલ્લાસ નથી ને મૃત્યુની શાંતિ પણ ક્યાં છે?

એની છાતી જોરથી ધડકવા લાગી.

આંખમાંથી અશ્રુની ધારા ટપકવા લાગી.

રામ વિનાનું જીવન કેટલું બધું ચિંતારૂપ, ભારરૂપ, અને યાતનારૂપ છે?



રામથી વિખૂટી થઇને રાવણના હાથમાં પડી છે ત્યારથી જીવનના રૂપમાં એ એક જાતના અસહ્ય ભારનું જ વહન કરી રહી છે કે બીજું કાંઇ?

કોણ જાણે એ ભાર, ચિંતા, વેદના ને યાતના ક્યારે દૂર થશે! એમાંથી કોણ જાણે ક્યારે મુક્તિ મળશે! એમાંથી વહેલી તકે ને કાયમ માટે મુક્તિ મળશે કે નહિ મળે!

એની વેદના વધી ગઇ. થોડીવારમાં તંદ્રા શરૂ થઇ.

એમાં અશોકવૃક્ષ તરફ જોઇને ઉદાસ ચિત્તે કહેવા માંડયું : 'અશોક, મારો રામના વિયોગના પરિણામે પેદા થયેલો શોક મટશે કે નહિ મટે?'

અશોક શું બોલે? છતાં પણ સીતાના દિલમાં જાણે કે એના સંદેશના પડઘા પડયા : 'સીતા, તારો શોક જરૂર દૂર થશે. આ અશોકવાટિકા છે. એ તારે માટે શોકવાટિકા નથી થઇ. તારો શોક તો ઠેઠ પંચવટીથી જ તારી સાથે આવ્યો છે. એને માટે અશોકવાટિકાને દોષ ના દેતી. અશોકવાટિકા તો તારે માટે ખરેખરી અશોકવાટિકા બની જશે અને તને શોકમાંથી મુક્ત કરીને આનંદ ધરશે.'

'પણ તે ક્યારે?'

'થોડા જ વખતમાં. નજદીકના જ ભવિષ્યમાં.'

'નજદીકના જ ભવિષ્યમાં?'

'હા. આ વાટિકા પોતાના નામ પ્રમાણે તારા જીવનને શોકરહિત કરશે. એનું નામ તારે માટે સાર્થક ઠરશે. પરંતુ તું આવી રીતે દુ:ખી ના થા. હિંમત તથા ધીરજનો ત્યાગ કરીને વ્યાકુળ ના થા. તું આંસુ સારે છે એટલે આખી વાટિકા રડે છે! તું પોકાર પાડે છે અને આક્રંદ કરે છે એટલે અહિંનું પ્રત્યેક પરમાણુ એનો પડઘો પાડે છે!'

'પરંતુ હું રડું નહિ તો શું કરું? રામ વિના મને ચેન જ નથી પડતું. રામનો વિયોગ મારાથી સહન જ નથી થતો.'

'છતાં પણ બનતી બધી જ શક્તિ–સમજને કામે લગાડીને એને સહન જ કરવો જ પડશે, બીજો કોઇ રસ્તો જ નથી. પતિનો વિયોગ સંસારમાં સૌથી દુઃખદ હોય છે, છતાં પણ એને કેટલીય સ્ત્રીઓ સહન કરે છે. સહન ના કરે તો શું કરે? એમને માટે તો બીજો કોઇ રસ્તો જ નથી ને!'

'પોતાના પ્રિય પતિનો વિયોગ કેટલીય સ્ત્રીઓ સહન કરે છે?'

'હા. એવી સ્ત્રીઓમાંની તું પણ એક છે. સંસારમાં પતિવિયોગિની સ્ત્રી તું એકલી નથી. એવી વિયોગિની સ્ત્રીઓનો વિચાર કરે તો તને આશ્વાસન મળશે, હિંમત તથા ધીરજ વરશે. ને તારું દુઃખ હળવું બનશે. વિરહનું એક દુઃખ તો તારા જીવનમાં આવી મળ્યું છે, તેમાં વેદનાના ઘોર દુઃખનો શા માટે વધારો કરે છે?'

'વધારો કે ઘટાડો કરવાનું મારા હાથમાં છે? તે તો સ્વાભાવિક છે.'

'તેમાં પણ ફેરફાર કરી શકાય. બુદ્ધિનો ઉપયોગ એટલા માટે જ છે.'

'પરંતુ બુદ્ધિ અહિં કામ જ ક્યાં કરે છે? અહિં તો લાગણી જ ઉભરાયા કરે છે.'

'એ જ જોવાનું છે? લાગણી ઉભરાયા કરે તેની હરકત નથી. પરંતુ એને બુદ્ધિ દ્વારા થોડીક નિયંત્રિત કરવી જોઇએ. તો જ દુઃખ હળવું થાય. તારી પાસેથી એટલી આશા અવશ્ય રાખી શકાય. બીજી કેટલીક વિયોગિની સ્ત્રીઓ એવું જ કરે છે. એ કાંઇ નથી રોતી. પ્રેમ અથવા લાગણીનો અનુભવ તો એ પણ કરતી હોય છે, પરંતુ લાગણીના વેગમાં તણાઇ નથી જતી.'

( ક્રમશઃ )

## * મંદિરની ગાયિકા *

અજવાળી રાતે મંદિરમાં એક સુંદર ગાયિકાએ પ્રવેશ કર્યો, ને દેવતાની પાસે બેસી હાથમાં વીણા લઇને સંગીતમય ગીત ગાવાની શરૂઆત કરી.

નજીકમાં જ મારું આસન હતું, ને માણસોની મંડળી પણ આજુબાજુ જામી હતી.

ગાયિકાનું સંગીત ઘણું સુંદર હતું, ને તેનું સૌંદર્ય પણ અનુપમ હતું. અંતરમાંથી ઊભરાતો પ્રેમ એની આંખોમાં ઠલવાતો હતો ને તેથી જાણે તે સૌને કામણ કરતી હતી. વારંવાર તે મારા તરફ જોતી ને મારી તલ્લીનતાથી રાજી થતી.

છેવટે તેણે સંગીત પૂરું કર્યું ને મારા ચરણમાં પ્રણામ કર્યા. પણ મારી આંખમાં આંસુ જોઇને તેને આશ્ચર્ય થયું, ને તેણે તેનું કારણ પૂછ્યું.

મેં કહ્યું : 'સંગીત સુંદર હતું. પ્રશંસનીય હતું. છતાં આંસુ મને એટલા માટે આવ્યાં કે તારા મનમાં આખો વખત મારું સ્થાન હતું. મંદિરમાં રહીને મારે બદલે જો મંદિરના દેવતાને જ પ્રસન્ન કરવાનો તેં પ્રયાસ કર્યો હોત, ને તેનામાં મન લગાડયું હોત, તો સંગીત તારા માટે કેવળ કલા નહિ પણ સાધના બની જાત, ને તારું જીવન કૃતાર્થ થાત.'

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * નિર્મમતા *

આત્મવિકાસનો આદર્શ સાધક પરમાત્મા સિવાય બીજા કોઈની મમતા ના કરે એ ઈચ્છવાયોગ્ય છે. અન્યની મમતા દુઃખકારક, આસક્તિમૂલક હોય છે, તે સાધકના ચિત્તને ચંચળ કરે છે. સાધકે રાગ પણ ના રાખવો ને દ્વેષ પણ ના સેવવો જોઈએ. રાગ તથા દ્વેષ બંને હાનિકારક હોવાથી ત્યાજ્ય છે. જે સંસારની પરિવર્તનશીલતાને સચારૂરૂપે સમજે છે તે જાણે છે કે પરમાત્મા વિના કશું જ સ્થાયી નથી. માટે પ્રીતિ કરવીજ હોય તો કેવળ પરમાત્મા સાથેજ કરવી જોઈએ.

સાધનાની અભિરૂચિ અને પરમાત્માની પ્રીતિ જેમ જેમ વધતી જાય છે તેમ તેમ મન નિર્મમ તેમજ આસક્તિરહિત બનતું જાય છે. પ્રગતિના સહજ પરિણામરૂપે એ બધું અનાયાસેજ થતું રહે છે. એકજ જન્મમાં વહેલામાં વહેલી તકે સાધનાની સિદ્ધિને મેળવવાની મહત્ત્વાકાંક્ષાવાળા સાધકે સર્વ પ્રકારની નાનીમોટી લૌકિક મમતાઓ અને આસક્તિઓમાંથી મુક્તિ મેળવીને સર્વ સ્થળે, સર્વક્ષણે સાધનાપરાયણ બનવું જોઈએ. એણે પોતાનો સાધનાક્રમ એવો બનાવવો જોઈએ કે અન્ય વિષયો કે વસ્તુઓ માટે એની પાસે સમય જ ના હોય. એના જીવનનું અભિસરણ સિદ્ધિના પરમ સાગર તરફ રાતદિવસ થતું રહે, એમાંજ એનો એકમાત્ર આનંદ, રસ ને સંતોષ હોય.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં.૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર-૩૬૪૦૦૧.